Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૦૩ · તા. ૧૧ થી ૧૭ જાન્યુઆરી ૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## પાઠશાળાના અનન્ય પ્રેમી અને પ્રોત્સાહક પૂ.સા. શ્રી ગુણમાલાશ્રીજી મ.સા

સં. ૧૯૯૦ કારતક વદ ૧૧ના રોજ જન્મ. ગુણવંતી એમનું નામ. માત્ર પાંચ વર્ષની ઉંમરે પિતા મેઘજી હીરજી ગોસરની છત્રછાયા ગુમાવી. માતાની સાથે કચ્છમાં બાયઠ ગામે મુશ્કેલીઓ વચ્ચે અડીખમ રહી ૧૫ વર્ષની ઉંમરે સાંયરાના જેઠાભાઈ ખીમજી લાપસીયા સાથે લગ્ન થયા. એક પુત્રી થઈ તેનું નામ હેમલતા. માત્ર પાંચ વર્ષનો સંસારવાસ ભોગવી ૨૧ વર્ષની ઉંમરે વૈધવ્ય આવતાં માતા અને ભાઈઓના સહારે ૧૦ વર્ષ મહેનત કરી સાડીઓ ભરી કપડાઓ સીવી નભાવ્યું.



પૂ. સા. શ્રી પ્રભાશ્રીજી મ.ના. વિશેષ પરિચયમાં આવતાં તેમના દ્વારા જ્ઞાનરુચિ વધતાં તેમની પાસે ધર્મનો અભ્યાસ શરૂ કર્યો. ભાંડુપમાં દાદા શ્રી કલ્યાણસાગરસૂરિ પાઠશાળામાં શિક્ષિકા તરીકે જોડાયા અને એમને પાઠશાળાની લગની લાગી. દરરોજ સવાર, બપોર બે-બે એમ ચાર કલાક આત્મીયભાવે ભણાવતાં હતાં. પાઠશાળામાં સંખ્યાં પણ ઘણી સારી થવા લાગી. પૂ. સા. શ્રી પ્રભાશ્રીજી મ.સા. પાઠશાળાને ઘણું પ્રોત્સાહન આપે. જૈન ધાર્મિક શિક્ષણ સંઘ સાથે પાઠશાળાને જોડેલ અને અચલગચ્છના અભ્યાસક્રમ મુજબ વિદ્યાર્થીઓને પરીક્ષા પણ અપાવે, એમાં એમની ભણાવવાની ધગશ અને ખરી મહેનતથી વિદ્યાર્થીઓ સારા માર્કથી પ્રથમ નંબરમાં આવતા. ખરેખર તેઓ સાચા અર્થમાં શિક્ષિકા હતા. પાઠશાળા પ્રત્યે એમને અનન્ય લાગણી હતી અને ઘણો ભોગ આપતા હતા. તેથી પાઠશાળાનું ખૂબ મહત્વ અને ગૌરવ વધ્યું.



સ. ૨૦૨૯માં પૂ. સા. શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મ.નો પરિચય થતાં સંયમના ભાવ થયા. સંયમ ઉદયમાં આવતા પુત્રી હેમલતા સાથે સં. ૨૦૩૬ વૈશાખ વદ ૭ના ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનના નેજા હેઠળ પૂ. આ શ્રી ગુણસાગરસૂરિ મ.સા.ના. વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરી. પૂ. સા. શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મ.ના. શિષ્યા પૂ. ગુણમાલાશ્રીજી અને હિતપ્રજ્ઞાશ્રીજી મ. થયા. સંસારીપણામાં તેઓ પાઠશાળાના શિક્ષિકા હતા. અને દીક્ષા લીધા પછી પણ તેમને જે અનન્ય લાગણી હતી. તેથી તેઓ પાઠશાળા માટે ખૂબ જ પ્રેરણા કરતા અને પ્રોત્સાહન આપતા. જ્યાં પાઠશાળા ન હોય ત્યાં સૌને સમજાવીને પાઠશાળા ચાલુ કરાવતા તેથી તેઓ પાઠશાળાના મહારાજ તરીકે જાણીતા થયેલ.



જૈન ધાર્મિક શિક્ષણ સંઘ દ્વારા લેવાતી ધાર્મિક પરીક્ષામાં અચલગચ્છની પરીક્ષાની સંપૂર્ણ જવાબદારી સ્વીકારેલ અને વર્ષોથી દર વર્ષે અચલગચ્છના ૨ થી ૯ ધોરણના પરીક્ષાના પ્રશ્નપત્રો સમયસર કાઢી આપીને અને તે બધા કાળજી રાખીને જરા પણ વિલંબ કર્યા વિના ચોકસાઈથી તપાસીને મોકલી આપતા હતા. તેઓ જ્યાં હોય ત્યાં પાઠશાળામાં વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે ખાસ પ્રેરણા અને પ્રોત્સાહન આપતા હતા.

તેઓશ્રીના સંયમપર્યાયના ૨૫ વર્ષની ઉજવણીમાં તેઓશ્રીના સંસારી સંબંધીઓએ ભાંડુપ દેરાસર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિષ્ઠાનો લાભ લીધો. તથા તેઓશ્રીની લાગણીથી પ્રેરણાથી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ સાથે જોડાયેલ બૃહદ મુંબઈની સમસ્ત પાઠશાળાઓના તથા અચલગચ્છની પાઠશાળાઓના સર્વ શિક્ષક - શિક્ષિકાઓનો ભક્તિ બહુમાન સમારંભ ભાંડુપમાં પૂ. આ શ્રી ગુણોદયસૂરીશ્વરજી મ.સા. આદિની નિશ્રામાં યોજાયેલ અને સારૂં બહુમાન કરવામાં આવેલ. પોતે શિક્ષિકા તરીકે પાઠશાળાનો જે પગાર લીધો હતો, તેની સંપૂર્ણ રકમ રૂપિયા પચીશ હજાર અનંતનાથ દેરાસરના સાધારણખાતામાં અર્પણ કરેલ.

આ બાબત ધાર્મિક શિક્ષણ પાઠશાળા અને શિક્ષક - શિક્ષિકાઓ પ્રત્યેની એમની લાગણી અને ભાવ કેવો ઉત્તમ હતો. તથા શિક્ષિકા તરીકે લીધેલ પાઠશાળાના પગારની સંપૂર્ણ રકમ પાછી આપીને પાઠશાળા પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરેલ.

તેઓશ્રીનો હસતો ચહેરો, મળતાવડો સ્વભાવ અને ઉત્તમ સંયમજીવન હતું. છેલ્લે શરીર થોડુંક અસ્વસ્થ થયું. તેમના સંસારી પુત્રી અને શિષ્યા સા શ્રી હિતપ્રજ્ઞાશ્રીજીએ અંતિમ સાધના અને આરાધના કરાવેલ. તેઓશ્રી નવકાર મંત્રનો જાપ કરતાં. ભાંડુપમાં સંવત ૨૦૬૯ ચૈત્ર સુદ ૧ (તા. ૧૧.૪.૧૩) ના કાળધર્મ પામ્યા. તેમના અંતિમ સંસ્કાર તેમની કર્મભૂમિ દીક્ષાભુમી અને સમાધિભુમી બની સફળ શિક્ષિકા અને સાધ્વીજી તરીકેની સુવાસે કુલ ૧૫ લાખ રૂપિયાના સારા ચડાવા થયા.

જૈન શિક્ષણ - સાહિત્ય - પત્રિકા જાન્યુ - મે ૨૦૧૩ માંથી સાભાર

# સંયમ માર્ગના પથિક મુમુક્ષુ દિશા ની
# ભૂરી ભૂરી અનુમોદના



અમારા ભાણેજ કેતન ડુંગરશી મોતાની સુપુત્રી માતા શ્રીમતી દક્ષાબેનની લાડકડી.....
ચિ. દિશા પ.પુ. નમ્રમુનિની પ્રેરણાથી

મુમુક્ષુ થઈ સંયમ સ્વિકારી ભવપાર કરી મોક્ષના પંથે જવાનો સંકલ્પ કર્યો છે.

તેના શુભ સંકલ્પની ભાવભરી અનુમોદના કરતા હૈયું ગદગદ થાય છે.

**દયા, શાંતિ, સમતા, ક્ષમા,**
**સત્ય, ત્યાગ, વૈરાગ્ય;**
**હોય મુમુક્ષુ ઘટ વિષે,**
**એહ સદાય સુજાગ્ય.**

## ચીમનલાલ જેઠાભાઈ ડાઘા પરિવાર (વરાડીયા - હાલ પુના)

## ઉજ્જ્વળ કારકીર્દી ના પંથે જતા
### કરણ તારાચંદ નાગડા ને અભિનંદન




કરણ તારાચંદ નાગડા, એ **Microsoft Certified Technology Specialist** તરીકેની ઉચ્ચ પદવી મેળવી **Reliance jio infocomm ltd.** માં **Deputy Manager** પદ પ્રાપ્ત કર્યું, તે બદલ અભિનંદન સહ ઉજ્વળ કારકીર્દીની શુભકામના.

| | |
|---|---|
| દાદાણા | : ચંદનબેન દામજી રતનશી નાગડા પરિવાર (પરજાઉ- પાચોરા) |
| નાનાણા | : દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર (મુલુંડ) |
| માતા-પિતા | : સૌ. પુર્ણિમાબેન તારાચંદ નાગડા (ડોંબીવલી) |
| સાસુ-સસરા | : સૌ. કાંતાબેન કુલીનભાઈ લોડાયા (ગાંધીધામ) |
| જીવનસાથી | : સૌ. વૈશાલી કરણ નાગડા |
| બહેનો | : સૌ. રિંકલ સચિન હડપ (ડોંબીવલી)<br>સૌ. કાજલ જિનેશ ભેદા (મુલુંડ) |

## ફેબ્રુઆરીમાં જીઓ યોજશે મલ્ટિટ્રેડ ફેર
## ૨૦૨૫ સુધીમાં કોઈ જૈન નોકરી કે ઘર વગરનો નહીં રહે : પૂ. શ્રીનયપદ્મસાગરજી



જૈન ઈન્ટરનૅશનલ ઓર્ગેનાઈઝેશન (જીઓ)ના ઉપક્રમે વેન્ચર કેપિટલ ફંડ અને સર્ચ ફંડ ટૂંકમાં જ શરૂ કરવાની યોજના છે.

જીઓના સ્થાપક અને પ્રેરક પૂજ્ય ગુરુદેવ શ્રી નયપદ્મસાગરજી મહારાજ સાહેબે તેમના વિઝનનું પ્રતિબિંબ પાડતાં જણાવ્યું હતું કે ૨૦૨૫ સુધીમાં કોઈપણ જૈન ઘર, નોકરી, અનાજ તેમ જ મુળભૂત શિક્ષણ વગરનો ન રહે એ મારું લક્ષ્યાંક છે. તેઓ તાજેતરમાં મુંબઈમાં યોજાયેલા જીઓના મુંબઈના ૧૮ ચેપ્ટર, બહારગામના ૧૨ ચેપ્ટર અને વિદેશોના ૧૨ ચેપ્ટરના શુભારંભ સમારોહમાં બોલી રહ્યા હતા.

વિદેશોમાં જ્યાં જૈનોની ઘણી વસ્તી છે એવા દુબઈ, સિંગાપોર, થાઈલેન્ડ, સ્પેન, આફ્રિકા વગેરેમાં જીઓની ઓફિસો શરૂ કરાશે. ભારતમાં મુંબઈ ઉપરાંત અમદાવાદ અને દિલ્હીમાં ઓફિસ શરૂ કરાશે.

મહાવીર જન્મકલ્યાણ કાર્યક્રમ ૧૩ એપ્રિલ ૨૦૧૪ના મોટા પાયે ઉજવાશે.

અનુસંધાન ૭માં પાને

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 03/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## તંત્રી સમીપે

## શ્રીમંત લોકોની ગરીબ જ્ઞાતિ.....

એકાદ દોઢ સદી પૂર્વે આપણી જ્ઞાતિ શાહ સોદાગરોની જ્ઞાતિ તરિકે ઓળખાતી હતી. તે વખતે નરસી નાથા અને કેશવજી નાયક જેવા ધ્રુવતારક સમા અને આર્થિક રીતે જાહોજલાલીના શિખરે બિરાજમાન હોવા ઉપરાંત જ્ઞાતિબંધુઓ માટે ઉદાર અનુકંપાની ભાવના અને તે ઉત્તરોત્તર સમૃધ્ધ બનતો રહે અને તેના આત્મગૌરવનું રખોપું પણ થતું રહે તેવી સામાજીક વ્યવસ્થા ઊભી કરવાથી માંડીને આવનારી સદીઓ સુધી જ્ઞાતિનું નામ દેદીપ્યમાન કરતા રહે તેવા અનેકાનેક સ્મૃતિચિહ્નો - કચ્છ - મુંબઈમાં અને અન્યત્ર - તેમણે અને તેમની સાથેના અન્ય આગેવાનોએ સ્થાપિત કર્યા અને તે જ રીતે મુંબઈમાં અન્ય શ્રીમંત જ્ઞાતિઓની વચ્ચે બ્રિટીશ શાસનમાં ઉચ્ચ નાગરિક સન્માન મળેવનાર સર વિસનજી ત્રીકમજી નાઈટ જેવા શિરમોર જ્ઞાતિરત્ને જ્ઞાતિની અસ્મિતા અને પ્રતિમાને અનેરી ઊંચાઈ બક્ષી.

આમ, જનસમુહને સાથે લઈને, ધાર્મિક અને સામજિક પ્રસંગોએ તેમજ મહાજનશ્રીની સભા, મેળાવડા, સંમેલનોમાં પણ, અદના કે આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોપણ લઘુતાગ્રંથિ ન અનુભવે તેવી રીતે તેને સમકક્ષ ગણીને જ્ઞાતિ આગેવાનો અને શ્રીમંતોની ભાતૃભાવનાનો નિખાર ઓર વધતો રહ્યોઅને જ્ઞાતિમાં જાણે સંસ્કારિતા તથા સમૃદ્ધિ વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા ચાલી રહી હોય એવું ચિત્ર મુખરિત રહ્યું.

આજે, ખાસ કરીને મુંબઈ અને અન્ય મહાનગર કે તેના જેવા શહેરોમાં જ્ઞાતિના સમાજજીવનમાં ઉત્સાહજનક તરંગો જ્યારે ખાસી ઊંચાઈએ ઉછળીને આંચકા આપી રહ્યા છે ત્યારે એક રીતે, અત્યારની જ્ઞાતિની સંસ્કારિતા અને આર્થિક સમૃધ્ધિ ઉપરોક્ત કાળખંડની સામે ઘણી ફીકી પ્રતીત થયા વગર રહેતી નથી.

જ્ઞાતિમાં લગભગ પાંચ - સાત દાયકાઓ પહેલાં ઘણો વખત સુધી અને ત્રીસેક વર્ષ પહેલાં થોડાંક વર્ષોસુધી સામાન્ય જ્ઞાતિજન પણ, કોઈ પણ પ્રકારની લઘુતાગ્રંથિ અનુભવ્યા વિના કે શ્રીમંત કે ઉચ્ચ પદાધિકારીઓના ધનવૈભવ કે હોદાથી અંજાયા વિના જે રીતે ટ્રસ્ટીઓ અને મહાજનના અધિકારી વર્ગ સમક્ષ પોતાને મળેલ હકની રૂએ નીડરપણે પોતાના વિચારો વ્યક્ત કરતો હતો અને તેમને ફરજપાલન કરવા નિશ્ચયાત્મક વલણ અપનાવી શકતો હતો તેવી નૈતિક હિંમત હાલ ન કેવળ સામાન્ય જ્ઞાતિજનમાં પરંતુ વ્યવસ્થાપક કે કારોબારી સમિતિના અપવાદરૂપ સિવાયના અન્ય સભ્યોમાં નામશેષ થઈ ગઈ છે, તે હકીકત આપણા ટ્રસ્ટો, મહાજનો અને એકમોના સંચાલન - વહીવટનું સ્તર કેટલું નીચું ઉતરી આવ્યું છે તેની નૈતિક દરિદ્રતા ખુલ્લી પાડે છે.

તેવી જ રીતે, ધાર્મિક અને સામજિક અનુષ્ઠાન - કાર્યક્રમોમાં ઉછામણીઓ અને બોલીઓ બોલાય છે તેમાં વાર તહેવારે શ્રમણવંદના - પુજન માટે ઊંચી બોલી દ્વારા આદેશો મેળવનાર અથવા સમાજના નબળા વર્ગના સાધર્મિકો માટેની રહેઠાણ યોજનાઓમાં સેંકડો ફ્લેટો કે છાત્રાલય - ઉપાશ્રય જેવી મિલકતોના નિર્માણમાં સહભાગી થવાના હેતુ સર આર્થિક અનુદાન ના વચનો આપ્યા

પછી. તેની રકમની કે ફાળો ચુકવવાની નૈતિક જવાબદારીને ફુટી બદામ જેવી ગણનાર અગ્રણીઓ જ્ઞાતિની બુનિયાદી સંસ્કારિતા પર ખુલ્લેઆમ કઠોરાઘાત કરે છે અને તેમ છતાં તેમની વિશ્વસનીયતામાં હજી પણ શ્રદ્ધા રાખનાર તેમના સહકર્મીઓ કે તેવી રીતે થતી જ્ઞાતિની નાલેશીને ચૂપચાપ સહીલેનાર કે તેની સામે એક હરફ પણ ન ઉચ્ચારનાર જ્ઞાતિના અન્ય અગ્રણીઓ અને જ્ઞાતિજનો જાણે જ્ઞાતિની અસ્મિતાની દીનતાને પોષી રહ્યા છે.

આમાં પણ, જ્ઞાતિના બહુસંખ્ય અગ્રણીઓ અને કાર્યકરો, જ્ઞાતિના કોઈ સંસ્થા, ટ્રસ્ટ કે મહાજન તથા એકમની કોઇ પ્રવૃત્તિઓ - કાર્યવાહી વિષે અસહમત હોય કે તીવ્ર વિરોધ ધરાવતા હોય તો પણ તેઓ એવી પ્રવૃતિઓ / કાર્યવાહીઓના પુરસ્કર્તાઓ કે વહીવટકારોમાં પોતાના સગા - સગપણ - વેવાઈ ઈત્યાદી સંબંધને લીધે જાહેરમાં કે સંબંધિત ટ્રસ્ટી - અધિકારીઓ સામે સીધેસીધું સૂચન કે વિરોધ પ્રદર્શિત કરતાં અચકાય છે ત્યારે ખાસ કરીને જ્ઞાતિના શ્રીમંત વર્ગના આ નીતિમત્તા અને સંસ્કારિતાનું દારિદ્ર વધુ વ્યાપકપણે છતું થાય છે.

જ્ઞાતિ મહાજન, એકમ કે સંસ્થાઓની સભાઓમાં પોતાના મંતવ્યો વ્યક્ત કરતી વખતે જ્ઞાતિજનો શિષ્ટ અને સ્પષ્ટ વક્તૃત્વ રાખીને પણ મક્કમતા દર્શાવી શકે છે પણ તેના બદલે આપણા બહુમત જ્ઞાતિજનો અને સંચાલકો કે પ્રમુખસ્થાને બીરાજમાન મહાનુભાવો પોતાનું સુચન, દષ્ટિબિંદુ કે દલીલ રજુ કરતી વખતે ઉશ્કેરાટ - રોષ - દમદાટીની ભાષાનો ઉપયોગ કરતા હોય છે. જ્ઞાતિજનોનો આવો અભિગમ તેમની સૌજન્યતાની મૂડી ખાલીખમ નિર્ધન પરિસ્થિતિમાં આવી ગઈ છે તેની સાબિતી આપે છે.

આપણા શિક્ષિત અને સુશિક્ષિત જ્ઞાતિજનો આમ તો જ્ઞાતિની વિવિધ ગતિવિધિઓ અને તેમાં ખેલાતા રાજકારણ બાબતે ઊંડો રસ લેતા હોય છે અને કુતુહલતાપૂર્વક તેની ચહલપહલ નિહાળતા - ચર્ચતા હોય છે, પરંતુ વર્ષમાં ત્રણ ચાર વખત યોજાતા પોતાના મહાજન કે એકમની સભા / કાર્યક્રમોમાં હાજર રહેવાનું કે તેમાં થતી ચર્ચા વિચારણામાં ભાગ લેવાનું તેઓ સિફતથી ટાળે છે. વળી, પોતે કોઈ મત - વિરોધ વ્યક્ત કરશે તો અન્ય કોઈ સંબંધી - વેવાઈ ટ્રસ્ટી કે અધિકારી નારાજ થશે એટલે એવી સભાથી દુર રહેવું કે તેમાં પોતાનો મત પ્રદર્શિત જ ન કરવો એવી વૃત્તિ રાખનાર શિક્ષિત જ્ઞાતિજનને ડરપોક ગણવા કે આ રીતે સૌની સાથે સારાસારી રાખીને પોતાની સામાજીક પ્રતિમા કે પ્રતિષ્ઠા (?) ને સુરક્ષિત કોચલામાં સાચવી રાખનાર જ્ઞાતિજનોની આવી નરમઘેંશ શિથિલતા જ્ઞાતિના નૈતિક પોતને ચીંથરેહાલ કરી મુકે છે તેમ કહીએ તો કોઈ અતિશયોક્તિ થતી નથી.

જ્ઞાતિના કોઈ મહાજનના, એકમના કે તપસ્વી અનુમોદનાના કાર્યક્રમો, વાર્ષિકોત્સવો જેવા મેળાવડાઓ યોજતા હોય છે ત્યારે હરખપદુડા થઈને આપણે જ્ઞાતિ એકતાની મોટી ગુલબાંગોનો ધોધ વહાવતા હોઈએ છીએ અને ત્યાં ઉમટેલી મેદની જોઈને જાણે જ્ઞાતિજનો બધા ભેદભાવો ભૂલીને અનન્ય એકતામાં એકરૂપ થઈ ગયા હોય એવું માની પોરસાતા હોઈએ છીએ. પણ તેવા મેળાવડાઓમાં ઉપર ઉપર દેખાતી આ જ્ઞાતિ એકતા કેટલી છેતરામણી છે તે આપણે ભુલી જોઈએ છે કારણકે હકીકતમાં આપણી વફાદારી કે સૌ પ્રથમ અગ્રતાક્રમ આપણા વતનના ગામની માટી પરત્વે ધરબાયેલો હોય છે. આવી વિરોધાભાસી ને સગવડી મનોદશા આપણી જ્ઞાતિ એકતા કેટલી પોકળ છે તેનું રંકપણુ દર્શાવે છે.

આપણા દીકરા - દીકરીના લગ્ન વખતે સો - પાંચસો રૂપીયાની નોટોથી ગોર કરતી વખતે કે સાધુ મહારાજોના ચાતુર્માસ પ્રવેશના સામૈયાના પ્રસંગોએ હજાર રૂપિયાની નોટો ઉછાળતી વખતે કે ગોલ્ડનદાતા જેવા બિરૂદ મેળવવાની સામે લાખો રૂપિયાની લહાણી કરતી વખતે નાણા - રૂપિયાના ઢગલાઓ નીચે દબાઈ ગયેલી આપણી આ દરિદ્ર મનોદશા, રાંક સ્વભાવ અને નૈતિક હિમંતના અભાવવાળી લાચાર વર્તણુંક ક્યારે માથું ઊંચકશે?

**- રા.**

# ધર્મ પ્રકાશ : જૈન ધર્મના મૂળ તત્વ

## અનુવાદ : વિમલ કૃષ્ણ મતિલાલના પુસ્તક "જૈન ધર્મના મુળ તત્વ" નો સારાંશ)

ડો. કમલ લોડાયા (ચેન્નઈ)

જૈન ધર્મનું મુખ્ય તત્વ અનેકાંતવાદ છે. આ બિન - ઉગ્રવાદી (non-radical) વિચાર છે. મહાવીરના અનુયાયીઓએ ભારતના તત્વજ્ઞાનને આપેલું એક અનોખું પ્રદાન છે. અનેકાંતવાદનો અર્થ એકતરફી ન થવું એટલે કે જીવન બહુતરફ છે. જૈન આગમોનો અભ્યાસ કર્યા પછી જાણ થાય છે કે આ એક સંમિશ્રણ છે, પ્રાચીન ભારતના અનેક તત્વોનું સંમિશ્રિત પ્રદર્શન.

સામસામેના દૃષ્ટિકોણનું મિશ્રણ કરવા જઈએ તો મુશ્કેલી જરૂર નડે. જૈન તત્વજ્ઞાનીઓ આ મુશ્કેલીઓ વિશે અજાણ હતા. એમને હલ કરવા માટે તેમણે એક કાર્યપદ્ધતિ અપનાવી જે ફક્ત જૈન ધર્મમાં જોવા મળે છે. આ કાર્યપદ્ધતિના બે ભાગ છેઃ નયવાદ (દૃષ્ટિબિંદુઓ) અને સ્યાદવાદ અથવા સપ્તભંગી (સાત દૃષ્ટિબિંદુ).

જૈનોનું અનેકાંતવાદ બૌધ્ધ માધ્યમિકોના શુન્યવાદ જેટલું જ મહત્વનું છે. માધ્યમિક તત્વજ્ઞાનીઓએ ચતુષ્કોટી (ચાર દૃષ્ટિબિંદુ) કાર્યપદ્ધતિના પ્રયોગથી શૂન્યવાદને ટેકો આપ્યો. તેમજ જૈન તત્વજ્ઞાનીઓએ તેમની સપ્તભંગી કાર્યપદ્ધતિના પ્રયોગથી અનેકાંતવાદને ટેકો આપ્યો. માધ્યમિક ચાર દૃષ્ટિબિંદુ સમજવામાં જેટલી કઠીનતા છે તેટલી જ જૈન સાત દૃષ્ટિબિંદુ સમજવામાં છે.

એક વાત ધ્યાનમાં રાખવાની કે અનેકાંતવાદનો વિકાસ ઈતિહાસમાં ત્યારે થયો જ્યારે જૈનો સંસ્કૃતમાં લખવા લાગ્યા. અનેકાંતવાદ સંમિશ્રણ છે અને બીજી તત્વધારાઓ પ્રચલિત હોય ત્યારે જ એનો વિકાસ થાય છે જૈન તત્વજ્ઞાન ત્યારે આગળ વધ્યું જ્યારે સાંખ્ય, બૌદ્ધ, ન્યાય, મીમાંસ, વેદાંત જેવી બીજી વિચારધારાઓ હતી અને તેમની વચ્ચે વિરોધ પણ હતો.

ટૂંકમાં કહીએ તો અનેકાંતવાદ એટલે જીવનની વિવિધતાનો સ્વીકાર. જૈન તત્વજ્ઞાનીઓ કહે છે કે કોઈ પણ તત્વ કે તર્ક, પોતાની મેળે, કોઈ પણ શરત કે મર્યાદા વગર, સાચું ન હોઈ શકે. આપણે કહીએ "X is F" (દાં.ત. વિશ્વ અમર છે) તો તે એકાંત (એક - પક્ષી) થયું. કોઈ શરત વગર એ બીજા વિરોધી પ્રતિભાસોને આવકાર્ય નથી. એટલે આ તર્ક અનેકાંતવાદને માન્ય નથી.

જ્યારે કોઈ તર્ક શરત વગર કહેવામાં આવે છે તો એ ખોટું પુરવાર થાય એવી શક્યતા છે. જ્યારે "X is F" તર્કનો વિરોધી "X is not F" (દા.ત વિશ્વ અમર નથી) ના માનનારાઓને તે ખોટું લાગે છે. કોઈ એક પંથના દાર્શનિકો એક તર્ક સામે મૂકે છે તો બીજા પંથના દાર્શનિકો વિરોધી તર્ક સામે મૂકે છે. સદીઓથી ચાલી આવતી આ પરંપરાનો આપણે શું બોધ લેવાનો?

જૈનો કહે છેઃ દરેક પંથ પોતાના ધર્મતત્વોને સત્ય માને છે, એટલે વિરોધી પંથના લોકો શું કહેવા માગે છે એ સમજવાની ના પાડે છે. એથી તત્વજ્ઞાનીઓમાં કટ્ટરતા અને અસહિષ્ણતા વધે છે. જૈનોના હિસાબે આજ એકાંત ધર્મોની મુખ્ય ખામી છે. અનેકાંતવાદમાં આ વિરોધીભાસી તર્કોને સાથે લાવવામાં આવે છે. એમની સાથે બરાબર અંકુશ મૂકીએ ત્યારે જ તેમનું સત્ય વિદીત થાય છે. પણ આવા તર્કને કેવી રીતે શરત મૂકાય? તર્કની આગળ સ્યાત (કદાચ) જોડીને કદાચ વિશ્વ અમર છે, કદાચ વિશ્વ અમર નથી.

અનેકાંતવાદના મૂળ શિક્ષક જિન મહાવીર છે. અમુક જૈન વિદ્ધાનોના કહેવા પ્રમાણે મહાવીરથી પહેલાં અને વેદથી પણ પહેલાંથી આ પરંપરા ચાલી આવે છે. તે પ્રશ્નમાં આપણે નહીં પડશું. લગભગ નિશ્ચિત વાત છે કે મહાવીર અને બુદ્ધ લગભગ એક સમયે હતા, એટલે પાર્શ્વનાથ બુદ્ધની પહેલાં થઈ ગયા હશે. પાર્શ્વનાથે ચાર નૈતિક સિદ્ધાંતાનો પ્રચાર કર્યો (ખુન ન કરવું, ચોરી ન કરવી, ખોટું ન બોલવું અને અપરિગ્રહ કરવો વસ્તુઓ ભેગી ન કરવી). આ ચારે સિદ્ધાંતો મહાવીર અને બુદ્ધ બનેએ સ્વીકાર્યા. પણ અનેકાંતવાદનો પ્રચાર પાર્શ્વનાથ કર્યો હોય એવું એમના પ્રાકૃત અને પાલી સૂત્રોમાં જોવા મળતું નથી. એટલે આપણે અનેકાંતવાદના મૂળ શિક્ષક જિન મહાવીર છે એમ માનશું.

કોઈક જૈન વિદ્ધાનો કહે છે કે ઋગ્વેદથી જ વિરોધાભાસી તર્કો ચાલ્યા આવે છે એટલે અનેકાંતવાદ ત્યારથી પ્રચલિત હશે. ઋગ્વેદના પ્રસિદ્ધ નાસદીય શ્લોક કે ઉપનિષદમાં "તે હલે છે પણ નથી હલતો" "કે અણુથી સૂક્ષ્મ અને

સહુથી'' મોટો જેવા વિચારો દર્શાવવામાં આવે છે આને અનેકાંતવાદ નથી માનતો. ધાર્મિક ગુરૂઓ વિરોધાભાસી તર્કોથી વિશ્વ સહેલાઈથી શબ્દોમાં સપડાતો નથી તે દેખાડવા માગે છે. પણ એનાથી તેઓ અનેકાંતવાદી નથી થઈ જતા. જૈન અનેકાંતવાદમાં દૃષ્ટિબિંદુઓનું મહત્વ છે, ત્યાંથી ઉત્પન્ન થયું છે.

પંડિત મહેન્દ્ર કુમાર શાસ્ત્રી અને એચ. ડી. કાપડીઆએ કહ્યું છે કે કદાચ અનેકાંતવાદ જૈનોના જાણીતા નૈતિક સિદ્ધાંત અહિંસામાંથી ઉત્પન્ન થયું. બ્રાહ્મણો ધર્મના રીતરીવાજ માટે પશુસંહારને સ્વીકારતા. બૌધ્ધ અને જૈન ધર્મોમાં કોઈને મારવું નહીં, જીવનું માન કરવું, એ પ્રથમ ચરણ હતું. બૌધ્ધ સૂત્રોમાં પણ બીજા જીવને મારવાની નિંદા કરવામાં આવી છે, દસ પાપોમાં એ પ્રથમ પાપ ગણાય છે. પણ જીવનને સંયમી / સાધુની વૃતવિાળું (ascetic) બનાવવામાં અહિંસાના પાલન વિષે બુદ્ધે વચલો માર્ગ લીધો. માંસાહાર વિષે બુદ્ધ નિરપેક્ષ કહી શકાય.

મજ્જહીમાનકાય ના જીવકસુત્રમાં માંસાહાર કે ખુનથી જીવને દુઃખ થાય છે એની નિંદા કરવામાં આવી છે. જીવક મહારાજા બિંબિંસાર અને અજાત શત્રુના વૈદ્ય હતા. જીવક સૂત્રમાં તેઓ બુદ્ધને પૂછે છે કે એમના ભોજન માટે લોકો જીવતા પશુનો વધ કરે છે તે સાચું છે કે નહીં. બુદ્ધે જવાબ આપ્યો કે જો એ શંકા થાય કે કોઈ પશુનો વધ આ વ્યક્તિ માટે થયો કે એનું માંસ આ વ્યક્તિ માટે જ તૈયાર કરવામાં આવ્યું છે તો માંસ ખાવું વર્જીત છે.

એક સમય દેવદત્તે બૌદ્ધ સાધુઓમાં માંસાહાર અને મત્સ્યાહારની બંધી કરાવી હતી. પણ બુદ્ધે માન્ય ન રાખ્યું અને કહ્યું કે કોઈ માંસ કે માછલી આપે એ અમુક પરિસ્થિતિઓમાં સ્વીકાર્ય છે.

એટલે કે તત્વજ્ઞાનમાં અને જીવનમાં બુદ્ધે મધ્યમ પથનું પ્રચલન કર્યું જે સાધુઓ ઉપવાસ, તપ જેવા વ્રતોથી પોતાને કષ્ટ આપતા હતા તે બુદ્ધ માટે હિંસા હતી, પોતાની જાત પર પોતે કરેલી હિંસા.

પણ મહાવીર આ બાબતમાં મક્કમ હતા. આચારમાં, સાદગીમાં સાધુતામાં, સંયમમાં તેમણે કદી પણ નરમી આવવા દીધી નહીં. અપવાસને તેમણે સ્વહિંસા તરીકે ન સ્વીકાર્યો. પોતાની જાત પર સંયમ ન રાખવો તે તેમના માટે આપણી અંદર રહેલા વિરોધી તત્વો (દા.ત. વાસના કે લોભ) સામે હાર હતી.

અહિંસાને મહાવીરે એક નવું સ્વરૂપ આપ્યું જૈન આગમો કહે છે કે સહુ જીવોને પોતાની સમાન જોવું. કોઈને હાનિ કરવાની ઈચ્છાથી હાનિ ન કરવી. આનો અર્થ એ નથી કે બધી જાતનું ખુન પાપ છે. અહિંસા કહે છે કે આપણે દુનિયામાં એવી રીતે જીવવું કે કોઈનું ખુન કરાવવાની આપણને જરૂરત ન પડે. જો આપણે બધા જીવો પ્રત્યે દયા રાખીએ તો બીજા ઓને દુઃખ આપવું કે વધ કરવાની જરૂરત ત્યારે જ પડશે જ્યારે બીજો કોઈ વિકલ્પ કે ઉકેલ નથી.

મહાવીર જીવનાચારમાં સ્થિત આ અહિંસાને તત્વજ્ઞાનમાં લઈ ગયા. "બીજા જીવનને માન આપવું" એ જૈન સિદ્ધાંતને બીજાના દૃષ્ટિકોણને માન આપવું ત્યાં સુધી પહોંચાડ્યો. આ રીતે જૈનોએ અનેકાંતવાદની સ્થાપના કરી, જેમાં સહિષ્ણતા, સમજણ અને સન્માન છે. આ જૈન ધર્મમાં અનોખું છે અને જે મને સહુથી પ્રશંસાજનક લાગે છે. વિરોધીને સમજવાનો પ્રયાસ ભાગ્યે જ કોઈએ કર્યો છે. જીવન બહુરૂપી છે તે સત્ય હોય કે નહીં તે જુદો સવાલ છે. પણ જૈન દૃષ્ટિકોણની સહિષ્ણતાને કોઈ અમાન્ય ન કહી શકે.

Bimal Krishna Matilal, The Central Philosophy of Jainism, L.D. Institute, Ahmedabad, 1981 માંથી સાભાર


**ચૌથી પુણ્યતિથિએ આદરાંજલિ**



જન્મ :
તા. ૨૨.૦૫.૧૯૩૭
મોટી ખાવડી

અરિહંત શરણ :
તા. ૧૪.૦૧.૨૦૧૦
ડોંબિવલી

**સ્વ. રતિલાલ રૂપશી લોડાયા (ભાભાવારા)**

નથી હયાત પણ હર પલ...
તમારો હોવાનો આભાસ થયા કરે....
ક્યારેક વિતેલી ક્ષણો યાદ આવ્યા કરે,
દરેક કાર્યમાં આપના આશિર્વાદનો
અહેસાસ થયા કરે...
પ્રભુ આપના આત્માને શાંતિ આપે
એજ **પ્રાર્થના....**

* શ્રધ્ધા સુમન *
ગં. સ્વ. સુશીલાબેન રતિલાલ લોડાયા (ભાભાવારા)
સમસ્ત પરિવાર

## ફેબ્રુઆરીમાં જીઓ યોજશે મલ્ટીટ્રેડ ફેર

બીજા કવર પરથી ચાલું

જીઓ ના અગ્રણી હેમન્ત શાહે જણાવ્યું હતું કે મુંબઈ - વરલીના એનએસસીઆઈ ખાતે આગામી ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીએ મલ્ટિપલ મેગા ઈવેન્ટ યોજાસે. જેમાં જૈન મલ્ટિટ્રેડ ફેર, જૈન હેરીટેજ પેવેલિયન, જૈન ફુડ ફેસ્ટીવલ જોબમેલા, પરિષદ અને પરિસંવાદ, બીટુબી મિટિંગ, જીઓ એવોર્ડ સમારોહનો સમાવેશ થાય છે. જીઓએ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ ફોરમ શરૂ કરી છે, જ્યાં કોર્ટ બહાર કેસોનું સમાધાન કરાય છે આમાં પ્રથમ કેસ કમ્બોજગીરી તીર્થક્ષેત્ર માટે શ્વેતામ્બર જૈન અને દિગમ્બર જૈન વચ્ચેના ૧૦૦ વર્ષ જૂના વિવાદનો અંત આવ્યાય હતો. આ કેસનું શાંતિપુર્ણ સમાધાન થઈ ગયું છે અને બન્ને પક્ષોએ ૩૧૫ કોર્ટ કેસો પાછા ખેંચી લીધા છે. જીઓ જૈન માટે વર્ષમાં બેવાર સામૂહિક લગ્ન સમારંભો - જૈન વિધી પ્રમાણે ભવ્ય રિતે યોજશે. આમાં સેવનસ્ટાર ઉજવણી કરાશે. લગ્નમાં ભાગ લેનાર બન્ને પક્ષોને સ્વેચ્છિકપણે ફાળો નોંધાવવો હોય તો નોંધાવી શકશે. જીઓ તેના સભ્યો માટે જીઓ અહિંસા કાર્ડ શરૂ કરશે. આમાં બલ્ક ખરીદીના લાભ મળી રહેશે. થોડાક સમય બાદ સમગ્ર જૈન સમાજને આ યોજનામાં આવરી લેવાશે.

## જૈનોને લઘુમતીનો દરજ્જો કેન્દ્રની વિચારણા

કેન્દ્ર સરકાર જૈન સમાજને લઘુમતીનો દરજ્જો આપવાની દરખાસ્ત પર ગંભીરતાપૂર્વક વિચાર કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ સંબંધમાં દરખાસ્ત લઘુમતી બાબતોના મંત્રી કે. રહેમાન ખાને તૈયાર કરી છે. પંજાબના જૈન સમુદાયે કેન્દ્ર સરકાર પાસે તેઓને લઘુમતીનો દરજ્જો આપવાની અપીલ કરી હતી. જો જૈન સમુદાયને આ દરજ્જો મળી જાય તો આ સમાજના લોકો વડાપ્રધાનના લઘુમતીઓ માટે ૧૫ સુત્રીય કાર્યક્રમ મુજબ સ્કોલરશિપ તથા રકમ મેળવવાના હકદાર થઈ જશે. એકવાર આ દરજ્જો મળી ગયા બાદ જૈન ભારતમાં છઠ્ઠા ધાર્મિક લઘુમતી બનેશે. અત્યારે મુસ્લિમો, શીખ, પારસી, ઈસાઈ તથા બૌદ્ધને આ દરજ્જો મળ્યો છે, નાણામંત્રાલયે આ પ્રસ્તાવને લીલીઝંડી આપી દીધી છે. આ સંબંધમાં સર્વોચ્ચ અદાલતમાં એક અરજી પણ દાખલ થયેલી છે. હાલમાં જૈનોને ૧૩ રાજ્યોમાં લઘુમતી દરજ્જો મળેલો છે. જેમાં મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, ઝારખંડ અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે.


॥ શ્રી ગોડિયાજી પાર્શ્વનાથાય નમઃ ॥



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ રાપરગઢવારી - નાની સિંધોડી સંઘ આયોજીત

**ધ્વજા રોહણ ઉત્સવ**

ભારતભરમાં વસ્તા રાપગઢવારી - નાની સિંધોડી ના નીચાણી બહેનો ત્થા ગામવાસીઓને દ્વજા રોહણ ઉત્સવ માં પધારવા ભાવભર્યું આમંત્રણ શ્રી સંઘ દ્વારા પાઠવીએ છીએ.

*****************



જેઠ સુદ-૮ તા : ૦૫.૦૬.૨૦૧૪ ગુરૂવાર
(અઢાર અભિષેક)
બપોર ના ૨.૦૦ થી ૫.૦૦ સમયે

જેઠ સુદ-૯ તા : ૦૬.૦૬.૨૦૧૪ શુક્રવાર
(નવીન સેનીટોરિયમ નું ઉદ્ઘાટન)
બપોર ના ૧.૦૦ થી ૫.૦૦ સમયે

જેઠ સુદ-૧૦ તા : ૦૭.૦૬.૨૦૧૪ શનિવાર (સત્તરભેદી પુજા - ધ્વજા રોહણ)
સવાર ના ૯.૦૦ કલાકે થી



ઉત્સવમાં પધારનાર ભાવિકો પોતાના નામો રૂપિયા ૧૦૦૦/- આપીને સંપર્ક સેતુ માં લખાવે.

❋ સંપર્ક સેતુ ❋

સોમચંદ નાગડા : ૦૯૮૩૩૮ ૧૬૧૩૧ ✖ ચંદુલાલ મૈશેરી : ૦૯૯૨૦૫ ૦૬૦૫૮ ✖ નીલેશ મોતા : ૦૯૯૩૦૧ ૫૩૬૬૬

❋ નિમંત્રક ❋

શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક. દ. ઓ. મહાજન ટ્રસ્ટ

ટ્રસ્ટીશ્રીઓ

## પાલીતાણા તીર્થયાત્રાઓ જાઓ ત્યારે...

પર્વાધિરાજ પાલીતાણામાં તીર્થયાત્રાએ જાઓ ત્યારે આપણી જ જ્ઞાતિની શેઠશ્રી નરશી નાથા ધર્મશાળા, શ્રી કેશવજી નાયક ધર્મશાળા અને શ્રી વીરબાઈ પાઠશાળાની ધર્મશાળામાં ઉતારો રાખવાની વ્યવસ્થા કરજો. વર્ષોથી ધર્મપ્રેમીઓને સુંદર આશ્રયસ્થાન પહોંચાડતી આ સર્વે ધર્મશાળાઓને સર્વ સુવિધાસજજ અને આધુનિકતાનો ઓપ અપાયો છે.

સંસ્થાના ટ્રસ્ટીઓ વરસમાં અનેક વખત ત્યાં જઈ જાત દેખરેખ રાખી યાત્રિકોની સુવીધા વિષે ચિંતીત રહી જરૂરી ફેરફારો કરે છે. નાના બાલકો માટે રમતગમતના સાધનો સુવાંચન માટે લાયબ્રેરી, અખબારોની ઉપલબ્ધિ, વોટર કુલર, રૂમમાં જ ગરમ પાણીની વ્યવસ્થા, સેલ્ફ કન્ટેઈન્ડ રૂમો - ફ્લેટની સુવિધા છે, તો સેવભાવી મેનેજર સાથે સ્ટાફ અને કર્મચારીગણ છે. પ્રેમ અને આદરપુર્વક આવકાર આપે છે અને ડગલેનેપગલે યાત્રિકને જોઈતી વસ્તુની પૂછપરછ કરે છે, અને ઉપલબ્ધ કરે છે. ડુંગર પર યાત્રા કરવા પુરૂં માર્ગદર્શન પણ આપે છે. જુની તો ઠીક પણ નવી પેઢીને પણ ગમી જાય તેવા વાતાવરણનું નિર્માણ કરે છે અને તે માટે વિનય - વિવેક પણ જાળવે છે.

ખાવા - પીવા માટે નવકાશીથી કરીને બપોરે - સાંજનું જમણ વારફરતી આજે મુંબઈમાં આપણે ઘેર બને તેવી સ્વાદિષ્ટ વાનગીઓ વેરાયટી સાથે બને છે અને પ્રેમ અને આગ્રહપુર્વક ખવડાવાય છે.

આ ધર્મશાળાઓ ભલે તળેટીથી અન્યની સરખામણીએ થોડી દુર રહી પણ આખરે તો તે આપણા પુર્વજાઓ ખુબ જ ઉમદા હેતુથી આપણી સુવિધાર્થે બાંધી છે, અને આજના ટ્રસ્ટી મહાશયો તેને સારી રીતે મેઈન્ટેઈન કરીને રાખી છે આ ધર્મશાળાઓ મોડર્ન હોતાં, તેમાં જ ઉતારાનો આગ્રહ દરેક યાત્રિકે રાખવો જ જોઈએ.

મુંબઈની ધમાલભરી વ્યસ્તમય જિંદગીમાંથી સમય કાઢી આ ધર્મશાળાના ટ્રસ્ટી અવારનવાર મુલાકાત લઈ આપણે યાત્રિકોની પડખે ઊભા રહે છે તે નાનીસુની વાત નથી. દાદાજીની ભક્તિ અર્થે દર્શનાથે આ પવિત્ર સ્થળની મુલાકાત લઈએ, ત્યારે બે પૈસા વધુ આપણે ઉપરોક્ત સંસ્થાઓની સુવિધા મેળવીએ છીએ ત્યારે સંસ્થામાં લખાવી સંસ્થાની આર્થિક જવાબદારીમાં પોતાનું યોગદાન આપવાનું પણ કેમ વિસરીએ?

**- કુલીનકાંત ચાંપસી લુઠીયા**

*હુભ હીંયુ ને હીયારી, મડ઼ે ખણી વ્યા...*
*'પટેલ' કુટુંબ તેં છાંઈ દીંધલ, વડ઼ છણીં પ્યા...*
–ભદ્રી પટેલ



**શ્રી હીરાચંદ કરમશી લધાભાઇ પટેલ (નાગડા)**
**(સાંધાણ)**

**જન્મ: ૨૩-૨-૧૯૩૭ ● અરિહંત શરણ: ૪-૧-૨૦૧૪**

*વડીલ તમે અમારા સહુના, વિદાય થયા અમ વચ્ચેથી, યાદ કરશું સદા પ્રેમ ને સંસ્કાર જે મળ્યા તમારાથી;*
*સેવા આપી વર્ષો તમે સાંધાણ તીર્થમાં ટ્રસ્ટી બની, શાંતીનાથ પ્રભુના આશીર્વાદ થકી, જીવન સાધના સફળ બની;*
*વળાવજો મોક્ષના પંથે પ્રભુ એ પ્રાર્થના કરીએ તમ ચરણે, જે જીવ આવ્યો આપ પાસે, સ્વીકારજો તવ શરણે.*

**પત્ની:** હીરાવંતીબેન હીરાચંદ પટેલ
**પુત્રવધુ-પુત્ર:** સૌ. વર્ષા નવીન પટેલ ● સૌ. ભારતી તારક પટેલ
સૌ. ડોલી મીલન પટેલ ● સૌ. મીનલ નુરેશ પટેલ
**પૌત્ર-પૌત્રી:** સૌ. ઝલક જીગર મૈશેરી ● દિવ્ય ● કુંજ ● સલૌની ● ઋતુ ● રાજ
**બેન-બનેવી:** સ્વ. જયાબેન પદમશી કાનજી મોમાયા (વરાડીયા)
**શ્વસુર પક્ષે:** સ્વ. કુંવરજી આશારીયા લોડાયા ● સ્વ. રતનશી આશારીયા લોડાયા (અજાણી) (કોઠારા)



**મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૪૫)**

**- સોમ ધરમશી (કચ્છ)-09726776627**

**"બોંકે સમજાયજી જરૂર કુરો,**
**ઔં પિંઢજ પિંઢકે સમજી ગિનો**
**હિત્તે કેર કેંકે સમજે તો "તેજ"**
**ઔં ખામોશી મેં જ ખમજી ગિનો"**

**ભાવાર્થ:** સાવ સરળ ઉપરની પંક્તિમાં એક પણ એવો શબ્દ નથી જેનો શબ્દાર્થ આપવો પડે. પણ આ પંક્તિઓની વચ્ચે મર્મીલો ગુઢાર્થ છુપાયેલો છે અને તેથી તેનો તેનો ભાવાર્થ આપવો પડે.

જીવન સુ:ખ શાંતિપૂર્વક જીવવું હોય તો તેના માર્ગદર્શન માટે ઢગલાબંદ પુસ્તકો આજે બજારમાં મળે છે અને ખપે પણ છે જેમકે "સફળતાનાં સોપાન સર કરવા" "ચિંતા છોડો - જીવન જીવો" "ચેતનામય જીવન જીવવાની કળા" "તણાવ મુક્ત જીવન" જીવવાની શૈલી પર સેમિનાર, વ્યાખ્યાન, વર્કશોપ, શિબીરના અધધધ આયોજન થાય છે અને તે છતાં માનવી તણાવ મુક્ત થઈ શકતો નથી. ઉપરની પંક્તિઓમાં આ બધા વિષયો અને પુસ્તકોનો સાર મળે છે અને તે કવિશ્રી **તેજ** જ આપી શકે.

આજે સમાજમાં દરેક વ્યક્તિ બીજાને શિખામણ આપવામાં મચી પડયો છે. "ડાહી સાસરે જાય નહીં અને ગાંડીને શિખામણ આપે તેવા હાલ સમાજમાં કેટલાયના જોવા મળે છે.

ટી.વી. ઉપર જ્યારથી ક્રિકેટ મેચનું સીધું પ્રસારણ શરૂ થયું છે ત્યારથી કોમેન્ટરી બોક્ષમાંથી વિશ્લેષણ સાથે રમાનારે કેવી રીતે રમવું જોઈએ તેની તો સમજ અપાય છે પણ ટી.વી. જોનારા જેમને ક્રિકેટનું અધકચરું જ્ઞાન હોય છે તે પણ શિખામણનો વરસાદ વરસાવતા હોય છે અને પોતાનો પ્રિય પ્લેયર આઉટ થાય તો વસવસો કરતા હોય છે.

શિખામણ આપવાની ટેવનાં કારણે ઘરમાં પિતા - પુત્ર, સાસુ - વહુ, ભાઈ - ભાઈ કે સમાજમાં જુદા જુદા સ્તરે મંડળ કે કમિટીમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચે અંટસ સર્જાય છે જેનાથી સંબધોનાં તાણાવાણા વીખેરાતા જોવા મળે છે, ઉષ્માની ઓટ વરતાય છે, તેથીજ કવી ટકોર કરે છે કે "ઔં પિંઢજ પિંઢકે સમજી ગિનો" બીજાને શિખામણ આપી બદલાવા કરતાં તમે પોતેજ બીજને માફક થઈ જાવ, બદલાઈ જાવ અને નરકનાં ટેન્શનમાંથી મુક્ત થઈ બહાર આવી જાવ.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

Since 1984...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

જુના જમાનામાં ભલે કહેવાંતું કે "ઘરડાં ગાડા વાળે" પણ આજકાલ વડીલોની શિખામણ યુવાનોને ગમતી નથી. વળી કેટલાક કિસ્સામાં બદલાતા જમાનાની સાથે વડીલો સમાધાન નથી કરી શકતાં તેથી તેમની શિખામણ પણ કામ લાગતી નથી.

આજે કોઈ કોઈની વાત કે શિખામણ સાંભળવા તૈયાર નથી ત્યારે કવી ખામોશી ધારણ કરી દુનિયાનાં રંગ જોતા રહેવા આવાહન કરે છે. સમાજમાં જુદા-જુદા ત્રણ થી ચાર પ્રકારની વ્યક્તિઓ મળે છે ૧. કેટલાક ફક્ત શિખામણ આપવામાંજ માને છે ૨. કેટલાક તેમને કહો તેટલું જ કાર્ય કરવામાં માને છે. ૩. કેટાલંક કોઈ પણ જાતનું કામ કરવા તૈયાર હોતા નથી તેમને કેટલી પણ શિખામણ આપો તે છતાં.

૪. કેટલાક મારા જેવાં પણ હોય છે જે કવિની રચનાનો ભાવાર્થ સમજાવવા પાનાના પાના ભરતા હોય છે અને તેમના માટે કવિ **તેજ** બે પંક્તિઓ વહેતી મુકે છે.

**"લિખ લિખ કંધા લખુડા, લિખંધે થકે નતા,**
**સિખામણ ડીંતા બેંકે, પિંઢકીં સિખેં નતા"**

## હાડકાના દર્દીઓ માટે કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબર ટ્રસ્ટ, તથા શ્રી કિરીટભાઈ લાપસીયા પરિવાર અને જે.વી.સી. સંઘના સથવારે તા. ૨૪.૦૧.૨૦૧૪ના સવારે ૧૦ કલાકથી બપોરે ૨.૩૦ દરમ્યાન અનંત છાયા, ૬૦ ફીટ રોડ, ઘાટકોપર - ઈસ્ટ ખાતે હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : અજય લોડાયા 9892372777 પર રજીસ્ટ્રેશન કરાવવું ફરિજીયાત છે. રજી. રૂા. ૫૦/- ત્યાં આવીને આપવાના રહેશે.

## કીડની, લીવર, સ્કીન તથા અન્ય રોગનો હોમિયોપેથીક મેડીકલ કેમ્પ

શનિવાર તા. ૨૫-૦૧-૧૪ના સવારે ૧૧ થી બપોરે ૪ વાગ્યા તથા ૨૬.૦૧.૧૪ના સવારે ૯ થી ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુંર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર દેરાસરની સામે, ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશન માટે સંપર્ક. શ્વેતા મિતેશ શાહ - 9619270430 પર કરાવવું જરૂરી છે.


।। જય શ્રી સચ્ચા માતાય નમઃ ।।

**સેવક ભરૂડીયા (હાલાર) મધ્યે બિરાજમાન દંડ પરિવારનાં કુળદેવી શ્રી સચ્ચા માતાજીનીં**

**નવમી પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ**

કુળદેવી શ્રી સચ્ચામાતાજીની વરસી રહેલી અસીમ કૃપા તેમજ આપ સૌના સાથ સહકારથી શ્રી સચ્ચામાં દંડ પરિવારની (નવમી) ૯ પહેડી તથા સ્નેહમિલનનું મંગલકારી ભવ્ય પ્રસંગનું આયોજન કરેલ છે.

**કાર્યક્રમ : તારીખ ૦૯-૦૨-૨૦૧૪ ને રવિવાર ને (મહા સુદ દશમ)નાં**

**સમયઃ સવારે ૦૮.૩૦ થી સાંજે ૦૯.૦૦ વાગ્યા સુધી.**

**શુભ સ્થળ : જૈનમ એ.સી. હૉલ, પહેલે માળે, એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૭૮.**

આ શુભ પહેડી પ્રસંગે શ્રી સચ્ચામાઁ ને નમતા સમસ્ત હાલારનાં દંડ પરિવારનાં ભાવિકો તેમજ નિયાણી બહેનો, દિકરીઓને સહ પરિવાર પધારવા શ્રી સચ્ચામાઁ દંડ પરિવાર તથા દાતા પરીવાર તરફથી હેતભર્યું આમંત્રણ છે. આપણે સહુ સાથે મળીને ઉત્સાહથી આ શુભપ્રસંગ ને ભક્તિગીત તથા રાસ ગરબાની રમઝટ સાથે દીપાવવા નો છે. સંપૂર્ણ પહેડી તથા સ્નેહ મિલનનોં અમુલ્ય લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર.

**માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ**

**હસ્તે અ.સૌ. અરૂણા અશ્વિન દંડ (મુલુંડ) અને મીતા હીરેન દંડ (ઘાટકોપર)**

આ પ્રસંગે કોઈપણ ભાવિકો ને વ્યક્તીગત અથવા સમુહમાં કાર્યક્રમ આપવાની ઈચ્છા હોય તો તેમણે તા. ૩૧-૦૧-૨૦૧૪ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે નીચે આપલૅા કાર્યકરોને જાણ કરવા વિનંતી.

મનોજ કુંવરજી દંડ - ૯૮૨૧૩૩૪૪૧૭
મયુર સુરેશ દંડ - ૯૮૧૯૬૬૩૫૫૫
પંકજ પ્રવિણ દંડ - ૯૦૦૪૮૪૧૨૨૨
ચંદ્રેશ જયંતીલાલ દંડ - ૯૮૨૧૭૫૪૭૭૦
નિલેશ ધનકુમાર દંડ - ૯૮૨૧૪૦૨૭૭૦
અલ્પેશ ગીરીશ દંડ - ૯૮૨૦૦૫૭૫૯૮
ચેતન પ્રવિણ દંડ- ૯૮૨૧૩૫૦૯૫૨

નોંધ : જે ભાવિકો તથા નિયાણી બહેનો / દીકરીઓના એડ્રેસ બદલાયા હોય અથવા આમંત્રણ પત્રિકા ન મળતી હોય તો તેમણે ઉપરનાં કાર્યકરો ને જાણ કરવા વિનંતી છે.

**શ્રી સચ્ચામાઁ દંડ પરિવારનાં જય માતાજી**

## પરંપરાગત રિવાજો જીવનને હજીપણ જીવંત રાખે છે

**(પ્રસિદ્ધ લેખિકા શોભા ડે દ્વારા પોતાની દીકરીઓને લખાયેલા એક પત્રનો અનુવાદ**

વનિતા



વિશ્વ

***વહાલી દીકરીઓ,***

ગઈ કાલે મારાં માસીના જીવનનો એક યાદગાર દિવસ હતો. નીમાતાઈ તમને રસ્તે મળી જાય તો તમે યાદ તો કદાચ એમને ઓળખોય નહીં, પણ એ તમારાં નાનીનાં સગાં બહેન થાય એટલે કે મારા સગા માસી. મારી બાથી છ વર્ષ નાનાં. ગઈ કાલે તેમના લગ્નની પચાસમી તિથિ હતી. તેમનાં દીકરા - દીકરી - વહુ - જમાઈઓએ ભેગાં થઈને આ પ્રસંગે ભવ્ય પાર્ટીનું આયોજન કર્યું હતું. મારી માસિયાઈ બહેન રેખા મને આમંત્રણ આપવા ખાસ ઘેર પણ આવી હતી. પરાના કોઈ હોલમાં ફંક્શન હતું. રેખા ખૂબ આગ્રહ કરીને ગઈ હતી, "શોભા, બધાં છોકરાંઓને લઈને જ આવજે હોં કે!" તમારા છમાંથી એકય નહીં આવો તેની ખાતરી હોવા છતાં મેં ઠાલું ઠાલું કહ્યું "હાસ્તો, ચોક્કસ લઈ આવીશ." તમે તો રેખા માસીને ઓળખતા નથી, તો તેની બાની પચાસમી એનીવર્સરીમાં તમને કેટલો રસ હોય? જરાય નહિં, ખરું ને? આટલા વર્ષોમાં ભાગ્યે જ તમે કોઈ કૌટુંબિક પ્રસંગે તેમને જોયાં હશે, અને તેય ઘણાંબધા સંગાં- સંબંધીઓનાં ટોળામાં. એમાં તમારો શો વાંક? મારેય કોનો વાંક કાઢવો? મુંબઈની ફાસ્ટ લાઈફનો? આપણા વ્યસ્ત જીવનનો? ના, વાંક મારો પોતાનો છે. કુટુંબ સાથેના સંબંધો જાળવવામાં બહાનાબાજી ચાલે જ નહીં! મારાં કેટલાય સંબંધીઓ આ જ મુંબઈ શહેરમાં રહે છે, પણ વિધિની વક્રતા એ છે કે અમે વર્ષે બે વર્ષે એકાદ વાર જ એકમેકને મળી શકીએ છીએ.

મારાં બા હયાત હતાં ત્યારની વાત જુદી હતી. તે અમારા સંબંધો વચ્ચે કડીરૂપ હતાં. મામા - માસીના ઘરના સઘળા સમાચાર બા દ્વારા નિયમિત મળી જતા. કોને નવી નોકરી મળી, કોણે ઘર બદલ્યું, જન્મ - મરણ - જનોઈ બધાં સમાચાર બા અમને ફોન પર આપે. બા બધાંને ત્યાં વારાફરતી જતી પણ ખરી અને બધાંના ઘરની ખટમધુરી વાતો, ખુશખબરનો મસાલો અમને પહોંચાડતી. મારાં મામા - માસીયાઈ ભાઈ - બહેનો પણ બાનું ખુબ માન રાખતા. નવી નોકરી મળે, લગ્ન નક્કી થાય કે ગૃહપ્રવેશ જેવા મંગળ પ્રસંગે બધાં સજોડે બાને પગે લાગવા મીઠાઈ લઈને આવતા.

એ કેવી સરસ સિસ્ટમ હતી! બાના જવાથી આખા કુટુંબો સિસ્ટમ ફેઈલ્યોરની ગંભીર બીમારીનો ભોગ બનવું પડયું છે. બા ગયાં ને અમને પિત્રાઈઓને સાંકળતી કડી જતી રહી! અમારા કુટુંબની મધ્યસ્થ સમાચાર આપલે સેવા નામની એજન્સી બંધ થઈ ગઈ. ધીમે ધીમે એકમેક સાથેના સંબંધો ઘટતા ગયા અને ખાસ એટલે જ મેં મારા માસી નીમાતાઈની ગોલ્ડ વેડિંગ એનીવર્સરીની પાર્ટીમાં જવાનો નિર્ધાર કર્યો.

૧૯૮૫માં મારા બા-બાપુજીના લગ્નની પચાસમી જંયતી અમે જે ઉત્સાહપુર્વક ઉજવી હતી તે યાદ આવી ગયું. દીકરીઓ, તમે તો એ વખતે નાનાં હતાં, આનંદિતા તો જન્મી પણ ન હતી, પણ અમારી માટે એ પવિત્ર તવારિખ હતી. તમે માનશો? મારાં બા-બાપુજી પચાસ વર્ષ પહેલાં જે હોલમાં પરણ્યા હતાં તે જ, તળમુંબઈનો લક્ષ્મીબાગ હોલ અમે ભાડે રાખ્યો હતો. એ વખતે લગ્નમાં જે મહેમાનો આવ્યાં હતાં તેમાંથી ઘણાને જૂના ફોટોઓમાંથી શોધી શોધીને અમે આમંત્ર્યાં હતા.


શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

**UK KHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane, Sangli
MH - 416 416 Tel.: 2670910 / 2322057



અસલ કલા-કસબનો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

॥ શ્રી અજીતનાથાય નમઃ॥

## શ્રી અજીતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટ્રસ્ટ, વાંકુ - કચ્છ

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ની પ્રેરણા, આજ્ઞા અને આશિષ તેમજ સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા.ના આશિર્વાદ તથા સર્વે દેવગગુરૂઓની કૃપાથી શ્રી અજીતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટ્રસ્ટ વાંકુ - કચ્છ સંચાલિત શ્રી અજીતનાથજી મહારાજ જૈન દેરાસરજી વાંકુ - કચ્છ ના પાયાથી જીર્ણોદ્ધાર કરવાનું નક્કી કરવામાં આવેલ. જીર્ણોદ્ધાર કરવાની વિધિ માટે ટ્રસ્ટની એક ખાસ સભા તા. ૨૯-૧૦-૧૩ ના બોલાવવામાં આવેલ. જેમાં શ્રી ખાતમુહુર્ત તથા શ્રી અજીતનાથજી ભગવાનની મુખ્ય કુર્મશિલાની બોલી બોલાયેલ અને શ્રી મહાવીરસ્વામી ભગવાનની કુર્મશિલા નવા પધરાવવાના ભગવાનની કુર્મશિલા તથા આઠ દિશાઓના શિલાન્યાસના નકરા ઠરાવવામાં આવેલ જેમાં :

**શ્રી ખાતમુહુર્તની બોલીના લાભાર્થી રૂા. ૫૧,૦૦૦/- માં** શ્રી દામજી નરશી સોની પરિવાર.

**શ્રી અજીતનાથજી ભગવાનની મુખ્ય કુર્મશિલાની બોલીના લાભાર્થી રૂા. ૨,૫૦,૦૦૦/- માં શ્રી ત્રિકમજી વીરજી સોની પરિવાર.**

**શ્રી મહાવીરસ્વામી ભગવાનની કુર્મશિલાના નકરાના લાભાર્થી રૂા. ૧,૫૦,૦૦૦/- માં માતુશ્રી ધનબાઈ લખમશી વેલજી મૈશેરી પરિવાર કોચીનવાળા.**

**શ્રી નવાપધરાવવાના ભગવાનની કુર્મશિલાના નકરાના લાભાર્થી રૂા. ૧,૫૦,૦૦૦/- માં માતુશ્રી કુંવરબાઈ માંઈયા મણશી મોતા વાંકુવાળા હાલ સુથરી પરિવાર હસ્તે શ્રી ખીમજી નરશી મોતા.**

**આઠ દિશાઓના શિલાન્યાસના નકરાની રકમ રૂા. ૨૫,૦૦૦/- પ્રત્યેકના લાભાર્થીઓ**

**૧. શ્રી દામજી નરશી સોની પરિવાર,**
**૨. શ્રી ત્રિકમજી વીરજી સોની પરિવાર**
**૩. માતુશ્રી દેવકાંબાઈ હીરજી ખીમજી લોડાયા પરિવાર**
**૪. માતુશ્રી નેણબાઈ દેવશી ખીમજી લોડાયા પરિવાર**
**૫. માતુશ્રી જેતબાઈ વિશનજી નાંગશી મોમાયા પરિવાર**
**૬. શ્રી ગુલાબચંદ કેશવજી મેઘજી પટેલ (સોની) પરિવાર**
**૭. માતુશ્રી મણીબેન માણેકજી કેશવજી લોડાયા પરિવાર**
**૮. માતુશ્રી લક્ષ્મીબાઈ શામજી લઘુભાઈ લાલકા પરિવાર હસ્તે શ્રી માણેકજી શામજી (હૈદ્રાબાદ)**

**આ ભાગ્યશાળી લાભાર્થી પરિવારોની ભુરીભુરી અનુમોદના.**

નક્કી કરવામાં આવેલ મુજબ ખાતમુર્હત વિધિ બુધવાર તા. : ૨૨.૦૧.૨૦૧૪ના સવારના ૮ થી ૯ કલાક દરમ્યાન રાખેલ છે. શ્રી અજીતનાથજી ભગવાનની મુખ્ય કુર્મશિલા, શ્રી મહાવીરસ્વામી ભગવાનની કુર્મશિલા, નવાપધરાવવાના ભગવાનની કુર્મશિલા તથા આઠ દિશાઓની શિલાન્યાસ વિધિ ગુરુવાર તા. ૧૩.૦૨.૨૦૧૪ ના સવારના ૧૦.૫૫ થી ૧૨.૫૧ દરમ્યાન રાખેલ છે. લાભ લીધેલ દરેક ભાગ્યશાળી પરિવારોને સમયસર હાજર રહેવા ખાસ વિનંતી છે. તેમજ જ્ઞાતિના ભાવિકોને પણ સમયસર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**લી. શ્રી અજીતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટ્રસ્ટ, વાંકુ - કચ્છ વતી**

**પ્રમુખ : રમેશ ત્રિકમજી સોની** **માનદ મંત્રી : દામજી નરશી સોની**

## પાસ થયા સિધ્ધિ મેળવી અભિનંદન



**કુ. ભક્તિ ભુપેંદ્ર પોલડીયા**
**(IT Dip. in Engg.**
**3rd year 87.36%)**

**કુ. શક્તિ ભુપેંદ્ર પોલડીયા**
**મહારાષ્ટ્ર રાજ્ય સ્તરીય ટેલંટ સ્પર્ધામાં બીજા ક્રમાંકે**
**(IT Dip. in Engg.**
**1st year 86.62%)**



પચાસ વર્ષમાં કેટલું બધું બદલાઈ ગયું હતું! અને છતાંય કેટલું ઓછુ?! જેમજેમ કુટુંબીઓ અને મિત્રો આવવા લાવ્યાં, તેમ હું નિરીક્ષણ કરવા લાગી. નાનકડા હોલમાં સારી એવી ભીડ થઈ ગઈ હતી.

મેં નીમાતાઈને હાથમાં મોટી થેલી સાથે આવતા જોયાં. બંને બહેનો એકમેકને જોતાં જ ભેટી પડી. મારી આંખમાં અજાણતાં જ હર્ષાશ્રુ આવ્યાં. મારી બા અડસઠની ને નીમાતાઈ બાસઠના. બે બહેનો દેખાવમાં ખાસ્સી જુદી, પણ વાણી, વર્તન હાવભાવમાં સાવ સરખી. બા ઉમંરમાં બહુ મોટી ન હતી તોય નીમાતાઈ તેમનું ખૂબ ખૂબ માન રાખતાં. તે દિવસે થેલી ખોલીને તેમણે આરતીની થાળી કાઢી, ચાંદીની થાળીમાં દીવો ગોઠવ્યો, નાગરવેલનાં પાન મૂકીને ઉપર સમૃદ્ધિની નિશાનીસમી સોપારીઓ મૂકી, પોતાની આંગળી કંકાવટીમાં બોળીને તેમણે બાને ચાંલ્લો કરીને હલ્દી કુમકુમની વિધી કરી. ચાંલ્લા પર ચોખા પણ ચોડયા. બાએ પોતાની સાડીનો પાલવ પાથર્યો અને નીમુમાસીએ તેમાં શ્રીફળ, નવવારી સાડી, મેચિંગ બ્લાઉઝ પીસ તથા મોગરાનો સુંગધીદાર ગજરો ભેટરૂપે મૂકીને વિધિ પૂરી કરી. એક અડસઠ વર્ષની અખંડ સૌભાગ્યવતી સ્ત્રી માટે આથી વિશેષ સુખ ક્યું હોઈ શકે? હલ્દી - કુમકુમની મરાઠી વિધિમાં ઘણુંબધું સમાય છે. સ્ત્રીનું સૌભાગ્ય, તેનાં પતિની સુખાકારી તથા લાંબુ આયુષ્ય, બંનેની સજોડે પ્રગતિ અને શારીરિક તંદુરસ્તી! યુગોથી ચાલી આવતી આ વિધી આજેય એટલી જ પ્રસ્તુત છે... અને વર્ષો સુધી રહેશે. ઘણાં વડીલોએ એ દિવસે આ વિધિ કરી. મહેમાનો કાર્ડ ફ્લાવર્સ તથા રિસાઈકલ્ડ (જુની, ફરી પેક કરેલી) ગિફ્ટ લાવ્યાં.

નીમાતાઈ એ ફંક્શન દરમિયાન સતત મારી બાની બાજુમાં બેસી જ રહ્યાં. તેમની બોડીલેંગ્વેજ પરથી અજાણ્યાનેય પરખાઈ જાય કે બે બહેનો વચ્ચે કેવો અગાધ પ્રેમ હશે. ભરચક પાર્ટીમાં વચ્ચે વચ્ચે બે છુપી ગપસપ કરી લેતાં, માર્મિક સ્મિતની આપ-લે કરતાં. ... બા ખૂબ ખુશ હતી. બાની બે બહેનોમાંથી એક તો હાજર હતી! બિચારા બાપુજી... તેમના તો બંને ભાઈઓ દેવલોક પામ્યા હતા. મને ખાતરી છે કે તે દિવસે તેમણે પોતાના ડોક્ટર ભાઈને ખુબ જ યાદ કર્યા હશે. જોકે ડોક્ટરકાકાના દીકરા, દીકરીઓ બધાં જ સહપરિવાર બહોળી સંખ્યામાં હાજર હતા.

ગઈ કાલે નીમાતાઈની એનીવર્સરીની પાર્ટીમાં જવા માટે હું અને પપ્પા નીકળ્યા ત્યારના સંજોગો જરા જુદા હતા. ટ્રાફિક તો કહે મારું કામ! મારે રાત્રે બીજી પણ અક પાર્ટી એટેન્ડ કરવાની હતી. મારે એક જ કલાકમાં ફટાફટ તળમુંબઈ તરફ પાછા આવવાનું હતું. અમે મોડાં જ પહોંચ્યા. મને લાગ્યું કે અમારે કારણે અમુક વિધિ શરૂ કરવામાં વિલંબ થયો.... જોકે કોઈ કાંઈ બોલ્યું નહીં. નીમાતાઈ તો, તેમને માટે આ પ્રસંગને અનુરૂપ આણેલી રાજવી ઠાઠની વિશાળ ખુરશીમાંથી ઊભા થઈને, મને જોતાની સાથે ભેટી જ પડયા. તે કેટલાં નાનાં અને સોસવાઈ ગયેલાં લાગતાં હતાં! મારી બા પણ જતાં પહેલાં આવાં જ સંકોચાઈ ગયેલાં! મને મારી બા ખુબ જ યાદ આવી. હું એમને પ્રણામ કરવા નીચી વળી. મને થયું કે હું આટલી ઊંચી એડીનાં સેન્ડલ પહેરીને ન આવી હોત તો સારું થાત.

મારી માસીની દીકરી રેખાની ખુશાલીનો પાર ન હતો. તેણે જેટલાં આમંત્રણ આપ્યાં હતાં તે બધાં જ પ્રેમથી આવ્યાં હતાં. નીમાતાઈ તો ખુબ જ ખુશ હતાં કેમ કે તેમની મહેચ્છાઓ આજે વર્ષો પછી તેમના સંતાનોએ પરિપુર્ણ કરી હતી. તેમના બાળકોએ તેમને મોબાઈલ ફોન અને હીરાની વીંટી એમ બે ગિફ્ટ આપી હતી. માસી ઘણી વાર બોલતાં, મને હીરાની વીંટીનો બહુ શોખ.... પણ છોકરાંને ભણાવવા - પરણાવવામાં ક્યારેય એવો જોગ ન થયો કે વાલની વીંટીનાય દોઢિયા બચે પણ આજે બધાં છોકરાં ઊંચે ઠેકાણે છે. એટલે એમણે માસીને વીંટી કરાવી દીધી. ઓહોહો ... માસી તો એટલા ખુશ કે કાંઈ કહેવાની વાત નહીં! તેમની આંગળી પર શોભતી વીંટીમાં ચમકતો એ હીરો મહત્વનો ન હતો, તે ફક્ત હીરો ન હતો. તે તેમનાં બાળકોની પ્રગતિ, કૃતકૃત્યતા તથા માનું ઋણ ફેડવાની અદમ્ય ભાવનાનું પ્રતીક હતો!


શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**

વીડિયો કેમેરા સતત અમારી સામે મંડાયેલો હતો. મેં અને તમારા ડેડીએ માસીના ચરણસ્પર્શ કરીને સાથે આણેલ કેશનું કવર માસીને અર્પણ કર્યું ત્યારે મને ભાન થયું કે મારું વર્તન કેટલું છીછરું હતું! મારી બા હયાત હોત, તો ભડકી જ જાત! હું તેના અસ્તિત્વના એકમાત્ર પ્રતીક તરીકે આવી હતી. મારી બે બહેનો તો અમેરિકા હતી. મારે મરાઠી રિવાજ પ્રમાણે હલ્દી કુમકુમની વિધિ કરવાની હતી. મારી બાની ગેરહાજરીમાં તેમની નાની બહેનને અંખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ, આરતી ઉતારીને આપવાનાં હતાં. બીજી અનેક સ્ત્રીઓને એ વિધિ કરતી જોઈને મને મારી વર્તણુક ખરેખર શરમજનક લાગી. હું જાણે બહારની, અજાણી ફક્ત બિઝનેસ રિલેશન્સ ધરાવતી વ્યક્તિ હોઉં અને ફક્ત ફરજ બજાવવા આવી હોઉં તેવું લાગ્યું. મને થયું કે મેં મારી મૃત માનું અપમાન કર્યું.

પપ્પા સાથે તળમુંબઈની પેલી પાર્ટીમાં જતા જતા મારા મનમાં વિચારોની હારમાળા ચાલી રહી હતી. થયેલી ભૂલ સુધારવા માટે હવે ઘણું મોડું થઈ ગયું હતું. માસીને ઓછું તો આવ્યું જ હશે, પરતું એ તો અક્ષરેય બોલ્યો ન હતા. એ એમની મોટાઈ હતી. તેમણે તો મને ઉપરથી પૂછયું છોકરોં એકેય ન આવ્યાં? મેં ઠાલી બહાનાબાજી કરીને વાત વાળી લીધી, પણ ખરા કારણની એમનેય ખબર હતી ને મનેય ખબર હતી, કે તેમના લગ્નની સુવર્ણજયંતીનું તમારે મન કોઈ મહત્વ જ ન હતું. કેમ કે તમે તેમને ખાસ ઓળખતા જ ન હતા. બાળકો, હું તેમાં ફક્ત તમારો વાંક નથી જોતી. મારે તમને નાનપણથી ઘરના વિવિધ પ્રસંગોમાં હાજર રાખવાના હતા, કામે લગાડવાના હતા. મેં જ પ્રયત્ન નથી કર્યો.

ઘેર આવતાં ગાડીમાં એ પ્રસંગ વિશે મેં ખુબ વિચાર્યું મેં જે કાંઈ કર્યું એ ખોટું કર્યું, થઈ ગયું.... પણ તમારી જનરેશનનું શું? હું તો વિધિ જાણતી હતી છતાંય વિધિવત ન વર્તી, પણ તમને મેં આપણા સમાજની કોઈ વિધી શીખવાડી છે, ખરી? તમને હું વારસામાં શું આપીને જવાની? મેં મારી બાને અમારા સમાજની વિધિઓ પ્રસંગોપાત કરતાં જોઈ છે, તમે તો મને એવી કોઈ જુની રસમોનું પાલન કરતા જોઈ જ નથી. થોડા જ વર્ષોમાં એ વર્ષોથી ચાલ્યા આવતા જુગજુના રિવાજો શું ભૂલાઈ જશે?

ખોળો ભરવો, મીંઢળ બાંધવા ચોક પુરવો, જ્ઞાનપુજન કરાવવું, લગ્નગીતો - ફટાણાં - મરશીયાં ગાવા, પીઠી ચોળવી, પાટલેથી ઉઠાડવું, માંડવામાં પધરાવવું, ગણેશ સ્થાપન - વિસર્જન, આ અથવા એથીયે સુંદર અનેક વિધિઓની તમને કોઈ માહિતી જ નહીં હોય! અરે, લગ્ન વખતે


**હાર્દિક શુભેચ્છા**



**CA પ્રતિક વર્ધમાન લોડાયા**
હાલ વડોદરા, ગામ: તેરા
SAP Software Training માટે Vista Print Technologies Private Limited Company સ્પેન - યુરોપજઈ આવ્યા, તે બદલ હાર્દિક શુભેચ્છા
સૌ. લિના ભુપેન્દ્ર પોલડીયા, નાંદેડ (માસી)



- લગ્ન પ્રસંગોને દીપાવવા પાલવની બાંધણી અને ઘરચોળાનો તદન નવો સ્ટોક
- ઝીણા બંધના ઘરચોળા
  ઝીણા બંધના ડ્રેસ મટેરિયલ
  અને ચણિયાચોળી
- બોર્ડર અને ડિઝાઈનર હેન્ડમેડ ફૂટવેર

**પાલવ** શોપ નં. ૧, ઔ વિંગ, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ, મુલુંડ (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૮૦.
Phone : 25906287 / 25676842
Website : www.palav.com
Email : contact@palav.com
રવિવાર વિશ્રામ

થનાર વહુના કાનમાં પાંચ નજીકની સ્ત્રીઓ જે મીઠો મધુરો શબ્દ - અખંડ સૌભાગ્યવતી - બોલે છે, તેનો કદાચ તમને અર્થ જ ખબર નહીં હોય! આજની ફાસ્ટ લાઈફમાં એ બધી વિધિઓની એટલી જ જરૂર છે કે જેટલી અગાઉ હતી. કદાચ થોડી વધારે...

તમને તો ખોળો ભરવાની વિધિનો પણ ખ્યાલ નહીં જ હોય! દીકરીઓ, સ્ત્રી જ્યારે ગર્ભવતી હોય ત્યારે સાતમે મહિને અન્ય સ્ત્રીઓ તેના પાલવમાં ફળદ્રુપતા, તંદુરસ્તી અને સુખાકારીના પ્રતીકરૂપે, સોપારી, અક્ષત, કુમકુમ વિગેર ભરે અને આશિષ આપે, એને ખોળો ભર્યો કહેવાય. યાદ રાખશો ને? જોકે તમને આ બધાથી કાંઈ ફરક નથી પડતો. સમય જાય, તેમ ઘણું બધું ભૂલાતું આવે છે કે જ્યારે કાંઈ જ બાકી બચતું નથી.

તમારી સાથે, સમય સાથે સાથ મિલાવવાની ફિકરમાં હું એમ ટી.વી.ના તાલે નાચતી થઈ, અંગ્રેજી ફિલ્મો જોતી થઈ ને તમારું વિદેશી સંગીત સાંભળતી થઈ, પીઝા, પાસ્તા ને થાઈ ફૂડ ખાતાં શીખી... પણ મારી થોડી ઘણી શક્તિ મારે તમને મારી દુનિયા તરફ આકર્ષવા માટે પણ વાપરવાની જરૂર હતી. તમારાં વડીલો, પિતરાઈઓ, આપણા રીતરિવાજો વિશે તેમને વેળાસર માહિતગાર કરવાનાં હતાં. તેનાથી આપણા બધા વચ્ચેનો સેતુ પણ વધૂ મજબૂત થયો હોત.

જોકે હજુયે બહુ મોડું નથી થયું. તમને એક સારા સમાચાર આપું? મેં આપણા સમાજના જુના રીતરીવાજો વિશે સંશોધન કરવાનું હવે નક્કી કર્યું છે. મને આછુંપાતળું તો બધું યાદ છે છતાંય વડીલોને મળીને, પૂછીગાછીને હું બધું વ્યવસ્થિત નોંધી રાખવા માગું છું. મારે થોડી સિરિયસ રિસર્ચ કરવી છે. એક વાર હું સમજી લઉં પછી તમને ચારેય બહેનોને બેસાડીને હું તમારી સાથે ચર્ચા કરીશું. તમને કદાચ અકળામણ થશે. મારે પણ મારી બા સાથે આ બાબતે ચકમક ઝરેલી જ છે. એ વખતે હું બોર થતી. મને કાંઈ જ શીખવાની પડી ન હતી. આજે મને પારાવાર પસ્તાવો થાય છે.

તમે જો આપણા રિવાજોને માન આપશો, સમજશો તો તમેન તો ફાયદો થશે જ પરંતુ તમે તમારા બાળકોમાં પણ ઉત્તમ સંસ્કાર સિંચન કરી શકશો. નીમાતાઈના પ્રસંગમાં વિધિની જાણકારીના અભાવે મારું નીચાજોણું થયું, તેવું તમારું નહીં થાય. તમે નવવારી મહારાષ્ટ્રીયન સાડી પહેરીને, હીલ્સ વગરના શુઝમાં, આરતીની થાળી અને કંકાવટી-અક્ષત સાથે વિધિવત તમારી બહેનોને હલ્દી કુમકુમની વિધિ કરી શકશો.

***તમારી જ મા.***

**પત્ર વ્યવહાર શક્ય નથી**

લેખકો / વાચકોએ મોકલેલા લેખો, સૂચનો, ચર્ચાપત્રો ઈત્યાદિના સ્વીકાર કે અસ્વીકાર બાબતે અથવા તેમાં કરેલા સુધારા-વધારા કે અંકો મળવા / ન મળવા વિશે પત્રવ્યવહાર કે મૌખિક ચર્ચા કરવી શક્ય નથી તેની નોંધ લેવા વાચકો/લેખકોને નમ્ર વિનંતી. - તંત્રી

**જ્ઞાતિજનોને પ્રકાશ સમીક્ષા નીયમીત મળે તે માટે પુરા પ્રયાસો થાય છે**

પ્રકાશ સમીક્ષા સમિતિ તરફથી દરેક જ્ઞાતિ જનને પ્રકાશ સમીક્ષા નીયમીત મળે એ માટે શક્ય તેટલા બધા પ્રયાસો કરાવામાં આવે છે. દર અઠવાડિયે નિશ્ચીતપણે અલગ અલગ પીનકોડ મુજબ ૧૧૫ જેટલા બંડલોમાં અંકો પોસ્ટ કરાય છે. જેની મુંબઈ જી.પી.ઓ.ના પત્રિકા વિભાગ દ્વારા પહોંચ પણ અપાય છે. અંકો નિયમિત ન મળતા હોય કે એકસાથે બે - ત્રણ મળતા હોય તે માટે સ્થાનિક પોસ્ટ ઓફિસની નિષ્કાળજી જવાબદાર છે. આ અંગે ત્યા લેખિત ફરિયાદ કરી તેની પહોંચ લઈ મુંબઈ જી.પી.ઓ.-પત્રિકા વિભાગ મુંબઈ ૪૦૦૦૦૧માં તેવી પહોંચ સહિતની ઝેરાક્ષ નકલ મોકલી ફરિયાદ કરવી જેથી ઉક્ત પત્રિકા વિભાગ સ્થાનિક પોસ્ટ ઓફિસને તાકિદ કરી શકે અને તે રીતે કોઈ ઉકેલ કે સુધારો થશે જ્ઞાતિજનો સરનામા બદલાય કે પોતાના સાચા પિનકોડની અમને જાણકર્તા નથી તેથી દર સપ્તાહે ૨૦-૨૫અંકો અમને પાછા મળે છે અંક પરના મેઈલીંગ સ્ટીકર ઉપર છપાયેલ સરનામું તપાસી લેવા વિનંતી. - તંત્રી

## આડી ચાવી

૧. પર્વ, ખુશાલીનો દિવસ (૪)
૫. સોબત તેવી .... (૩)
૮. પૃથ્વીની સપાટી (૪)
૧૦. અવસર પર ગવાતું ગાણું (૨)
૧૧. કાગળની કપાયેલી પટીઓ (૪)
૧૩. કલાતત્વથી ભરપુર (૪)
૧૫. નિર્દોષ, ભોળું (૩)
૧૬. વ્યવસાય, ધંધો (૨)
૧૮. સુંદર સ્ત્રી (૨)
૨૦. હાથ, ટૅક્સ (૨)
૨૧. કુસ્તી લડનાર (૨)
૨૨. મરી જાય તેટલું (૫)
૨૫. વરપક્ષ તરફથી અનુચિત માગણી કરતો કુરિવાજ (૩)
૨૬. સાડલાનો લટકતો છેડો (૩)
૨૭. રમતાં રમતાં સધાય એવું (૫)
૨૯. તીર (૨)
૩૦. વેલ (૨)
૩૨. ઈન્સાફની કચેરી (૪)
૩૩. હસવાથી ગાલમાં ખાડા પડે તે (૩)
૩૫. પનો, કામ પાર પડવું (૨)
૩૬. જૂઠું બોલવાની ટેવવાળું (૩)
૩૭. ગામના પાદર પરની ગોચર જમીન (૩)

## શબ્દાનંદ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ■ | | ■ | ૮ | | | ૯ | ■ | ૧૦ | |
| ૧૧ | | ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | | ■ |
| | ■ | ૧૫ | | | ■ | ૧૬ | | ■ | ૧૭ |
| ૧૮ | ૧૯ | ■ | | ■ | ૨૦ | | ■ | ૨૧ | |
| ■ | ૨૨ | ૨૩ | | ૨૪ | | ■ | ૨૫ | | |
| ૨૬ | | | ■ | ૨૭ | | ૨૮ | | | ■ |
| ■ | | ■ | ૨૯ | | ■ | | ■ | ૩૦ | ૩૧ |
| ૩૨ | | | | ■ | ૩૩ | | ૩૪ | ■ | |
| ૩૫ | | ■ | ૩૬ | | | ■ | ૩૭ | | |

## ઊભી ચાવી

૨. નવાઈ પામેલું, આભું (૩)
૩. અસ્તવ્યસ્ત, વેરણછેરણ (૬)
૪. એક પક્ષી (૩)
૬. કાયદા પ્રમાણે કાચી ઉંમરનું (૩)
૭. આસક્ત, લીન (૨)
૯. પોકાર (૪)
૧૧. નાહિમંત, ડરકણ (૩)
૧૨. રક્તવાહિની (૨)
૧૪. ભાવ, મૂલ્ય (૨)
૧૭. પાણીમાં ઉત્પન્ન થતું (૩)
૧૯. વહીવટદાર (૬)
૨૦. લેખણ, દસ્કત (૩)
૨૧. સમય, મુદત (૪)
૨૩. અવાજ (૨)
૨૪. મુખ્ય દરવાજે (૩)
૨૫. ઔષધ (૨)
૨૮. ગાવાની ઢબ (૩)
૨૯. રદ, નકામું (૩)
૩૧. સાર, તાત્પર્ય (૩)
૩૨. આ... લૌટ ચલે (૨)
૩૩. ભાગ, જૂથ (૨)
૩૪. પર્વત (૨)

*- વનિતા હરીશ નાગડા (વડાલા)*



## સંખ્યાવન NUMBER GAME

અહીં ચોકઠામાં તમારે નીચે આપેલી સંખ્યાઓ યોગ્ય ખાનામાં મૂકવાની છે. શરૂઆત કરવાની સરળતા પડે એટલે એક સંખ્યા ૨૭ પહેલેથી આપી છે.

**બે આંકડાની સંખ્યા :** ૧૬, ૨૫, ૨૭, ૪૩, ૫૮, ૬૨, ૭૩, ૭૮, ૯૮,

**ત્રણ આંકડાની સંખ્યા :** ૩૧૭, ૩૨૫, ૪૩૬, ૫૨૧, ૮૩૫, ૮૪૬

**ચાર આકડાની સંખ્યા :** ૧૩૬૨, ૨૫૧૨, ૨૮૩૬, ૩૭૪૬, ૪૯૧૧, ૫૨૮૩, ૬૧૭૮, ૭૧૧૫, ૮૯૨૪, ૯૪૧૫

**પાંચ આંકડાની સંખ્યા :** ૧૧૩૪૭, ૧૯૫૨૨, ૨૩૪૭૬, ૩૫૨૭૩, ૪૮૩૭૯, ૫૬૭૩૨, ૬૮૯૫૭, ૬૯૨૭૫, ૭૪૬૩૫

**છ આંકડાની સંખ્યા :** ૧૬૩૪૭૨, ૩૯૨૪૭૫, ૪૧૩૭૬૮, ૫૧૨૩૪૯, ૭૧૮૬૩૪, ૭૨૪૬૩૯, ૯૨૪૧૩૨

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 16, 25, 27, 43, 58, 62, 73, 78, 98,

**3 Digit Nos :** 317, 325, 436, 521, 835, 846

**4 Digit Nos :** 1362, 2512, 2836, 3746, 4911, 5283, 6178, 7115, 8924, 9415

**5 Digit Nos :** 11347, 19522, 23476, 35273, 48379, 56732, 68957, 69275, 74635

**6 Digit Nos :** 163472, 392475, 413768, 512349, 718634, 724639, 924132






## સમાજમાં આવતી કાલે ઊભી થનારી સમસ્યા વિશે વિચાર

આપણી જ્ઞાતિ એક આગળ પડતી આધુનિક સમાજીક જીવન જીવતી જ્ઞાતિ છે.

નાનું કુટુંબ સુખી કુટુંબની લહેર સાથે આપણા બધા કુટુંબમાં ફકત દીકરી હોય અથવા ફકત દીકરા હોય એવા ઘણા કુટુંબ છે. આપણી જ્ઞાતિએ હમેંશા રાષ્ટ્રની ઉન્નતિ અને જરૂરતમાં સારો પ્રતિસાદ આપેલ છે.

આ પરિસ્થિતિમાં કોઈ ભાઈ બહેન પહેલ કરી નથી કે અમને ફક્ત દીકરી હોઈ, અમને અમારા ઘરે રહી શકે એવા સારા જમાઈની જરૂર છે.

પ્રકાશ સમીક્ષાના મંચ ઉપર આપણી જ્ઞાતિના ભાઈ બહેનો આ વિષય ઉપર પોતાના વિચાર વ્યક્ત કરે. વિચારો, સમજણો - મુંઝવણોનું આદાન - પ્રદાન થાય જે બહુજ જરૂરી છે.

જેમને ફક્ત દીકરી હોય કે એકથી વધુ દીકરીઓ હોય કુટુંબ જેની સંખ્યા ઘણી મોટી છે. એવા કુટુંબના ભવિષ્યના નિરાકારણમાં સુખદ પરિણામ આવે એમ છે.

મલુંડ૨૬.૧૨.૧૩ ***સુનિલ વિસનજી ગોસર***

## મેટ્રો સીટી કે મીડીયમ ટાઉન?

આપણા જ્ઞાતિજનો જે મુંબઈ બહાર વસે છે તેમની સમસ્યા છે કે તેમના સંતાનો માટે મુંબઈ સ્થિત પાત્રો, મુંબઈ છોડી દેશાવર આવવા તૈયાર નથી. લગભગ આવી જ સમસ્યા અન્ય વિકસિત શહેરો- જેમકે અમદાવાદ કે સુરતની આજુબાજુ રહેતા પરિવારોનીછે કે શહેર છોડીને યુવાનો કે યુવતિઓ મધ્યમ શહેર કે ગામડામાં જવા રાજીનથી. આ સમસ્યા સામાજિક છે પણ લગભગ આવી જ સમસ્યા ઔદ્યોગિક ગ્રૃહોને પણ છે. બે ત્રણ દાયકા પહેલાં ઉચ્ચ શિક્ષિત કે પ્રોફેશનલ્સ નોકરી માટે માત્ર મોટા શહેર મેટ્રો સીટી) જ પસંદ કરતા હતા પણ હવે વલણ બદલાઈ રહ્યું છે.


**શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી** આયોજિત

**તૃતિય રક્તદાન શિબીર સાથે**

**Free Bone Density & Health Checkup**

આપનાં સથવારે માનવતાના યજ્ઞ સમાન બીજો રક્તદાન શિબીરનું ભવ્ય આયોજન સફળતાને વરેલ છે.

**રવિવાર : તા. ૧૬-૨-૨૦૧૪ સમય : સવારે ૯.૦૦ થી ૫.૦૦ સુધી**
**સ્થળ : કે.બી. વીરા હાઈસ્કુલ, ડોંબિવલી (ઈ.)**

***Right to life Begins with you give Blood Today • Your Droplets of blood may create Ocean of Happiness***

આ Bone Density ચેક-અપ કેમ્પનો લાભ લેવા વહેલા તે પહેલા ના ધોરણે ફક્ત ૧૦૦ વ્યક્તિઓના નામની નોંધણી કરવામાં આવશે. (Above 45 years)

**નામ નોંધાવવા માટે :-** **અમિતા ખોના – ૯૬૧૯૧૮૧૯૮૫, કવિતા ધુલ્લા-૯૬૧૯૩૧૨૩૧૩**
**નિલમ માલદે – ૯૬૬૪૨૦૦૭૯૨, વીણા ઠક્કર-૯૧૬૭૬૯૩૦૦૩**

**અતિથી વિશેષ : ભુપેન્દ્રભાઈ મુલજી દંડ (ગામ-લખાણીયા) ભૂમીરાજ-વાશી**

**અભિયાનના દાતા :** **માતૃશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી) Jash Merchantile LLP**
**માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર (વરાડીયા) Amba Shipping**

**નોંધ :** ૧) Bone Density ચેક-અપ માટે અગાઉથી નામ લખાવવું જરૂરી છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અમદાવાદની તા. ૧૯.૧૨.૧૩ ની પુર્તિ એસેન્ટના પ્રથમ પાના પર એક લેખ આ બાબત પર હતો. જેમાં મેટ્રો સીટી કરતાં નાના શહેર (ટાઉન) કે ગામડામાં જવા માટેના ફાયદા અને ગેરફાયદાઓ બાબત સંક્ષિપ્તમાં જાણાવાયું હતું. જે નીચે પ્રમાણે છે.

**ફાયદાઓ** : ૧. ઘરથી નોકરીની જગ્યા પર અવર જવર માટે સમયની બચત. ૨. ઘર ખર્ચમાં બચત. ૩. નોકરી અને પરિવારની જરૂરિયાતો વચ્ચે સંતૂલન. ૪. સારી અને સૌંગી સગવડો. ૫. સોંઘવારી.

**ગેરફાયદાઓ** : ૧. મર્યાદિત પ્રોફેશનલ નેટવર્ક. ૨. મર્યાદિત ડોકટરી સગવડો. ૩. ઉચ્ચ શિક્ષણ માટે (સ્થાનિક સ્તરે) મર્યાદાઓ

ગુજરાતમાં ઘણા મોટા મોટા ઔદ્યોગિકગૃહોએ કચ્છ અને સૌરાષ્ટ્રમાં અંતરિયાળ જગ્યામાં વિશાળ કારખાનાઓ નાખ્યા છે. તેઓ યોગ્ય લાયક કર્મઠ અને કુશળ પ્રોફેશનલ્સને આકર્ષવા માટે સારા પગાર ધોરણ ઉપરાંત કેટલીક વધારાની સવલતો પણ આપે છે. જેમકે મફત ફર્નીસ્ડ રહેઠાણ, મફત ડોક્ટરી સારવાર, મફત ક્લબ સગવડ, મફત ચેનલ ટીવીની સગવડ, મફત કે રાહત દરે વિજડી, કમ્પંનીના ખર્ચે ઘર, મકાન અને બગીઆની મરમત અને જાળવણી, મફત લાઈબ્રેરી, અવારનવાર ફિલ્મ સ્ક્રિનીંગ કે સાંસ્કૃતિક કાર્યક્રમો, લીવ ટ્રાવેલ્સ કન્સેશન, કમ્યુનીટી હોલની સગવડ, જીમ વગેરે મુખ્ય છે. તે ઉપરાંત જો યોગ્ય હોય તે પરિવારના અન્ય સભ્યને પણ નોકરી આપે છે. કેટલીક વાર તો નોકરીની જાહેરાતમાં જ લખે છે કે ભણેલ દંપતિને પ્રાધાન્ય. તે ઉપરાંત સ્થળાંતર માટેના તમામ ખર્ચો પણ ભોગવે છે. કેટલીક વાર તો અગાઉની નોકરીના સ્થળે નોટિસ પીરયડના બદલામાં ભરવા પડતા રૂપિયાની જવાબદારી પણ લે છે.

આવી નોકરીઓ કારકિર્દીના પ્રારંભિક વર્ષમાં વરદાન રૂપ છે ખાસ કરીને જેઓ પાસે વડિલોપાર્જીત કાર્ય સંપત્તિ ન હોય અને જેમને શુન્યમાંથી સૃષ્ટિ કરવી છે તેમના માટે. મેં પોતે પ્રારંભમાં ૩-૪ વર્ષ આવી જ જગ્યાઓએ કામ કરીને મોટાભાગના બધા લાભો મેળવેલ અને જે બચત થઈ તેમાંથી સુરતમાં મકાન લીધેલ. હવે તો સંદેશ વ્યવહારના સાધનો વધ્યા છે અને સોશિયલ મિડિયા નેટ- ફેસબુક વગેરેના કારણે દુનિયા નાની બની રહી છે. ત્યારે આવા સ્થળે કામકરવામાં કદાચ વધારે માનસિક શાંતિ પણ મળી રહે.

*કોઠારા સુરત* - ***પ્રવિણચંદ્ર શામજી ધરમશી***

## પ્રતાપી પુર્વજોની યાદ તાજી કરાવનાર મુંબઈ સમાચાર સાપ્તાહિકને ધન્યવાદ!

મુંબઈ સમાચાર સાપ્તાહિકની તા. ૧૫ ડિસેમ્બરની નકલમાં પારસી તારી આરસી વિભાગમાં The Philanthropists who built mumbai મથાળા હેઠળ અંગ્રેજી ભાષામાં સુરુચિપૂર્ણ લેખ પ્રસિદ્ધ થયો. તે માહિતી સભર રહ્યો અને આપણી જ્ઞાતિ રત્ન શેઠશ્રી કેશવજી નાયક નિર્મિત પાણીના ફુવારાનો ઉલ્લેખ વાંચી અનહદ આનંદ અને ગર્વ થયો. નમન પ્રતાપી પૂર્વજ વડીલને અને ધન્યવાદ મુંબઈ સમાચાર સાપ્તાહિકને... જેણે ભૂતકાળની યાદ તાજી કરી વાચકોનું ધ્યાન આકર્ષિત કર્યું.

*મુલુંડ (પ)* -***કાંતીલાલ કેશવજી મોતા***

**ભુલ સુધાર** : ગતાંકમાં સમાચાર સંકલનમાં સંયમ માર્ગી ચિરજીવી દિશા કેતન ડુંગરશી મોતા - અંધેરી નું ગામ વરાડીયા વાંચવું


### જાહેરખબર દાતાઓને સુચના

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/ વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા

## ધર્મ પ્રેમી સેવામુર્તિ શિક્ષક વર્ય લખમશીભાઈ શાહ (પોલડીયા)
## (કચ્છ બાયઠ - હાલ નાંદેડ ને જીવન ગૌરવ પુરસ્કાર



નાંદેડ ગુજરાતી સમાજ તરફથી આપવામાં આવતો **જીવન ગૌરવ પુરસ્કાર** ગુજરાતી પ્રાથમિક શાળાના માજી મુખ્યાધ્યાપક આપણી જ્ઞાતીના ૭૩ વર્ષના મુરબ્બી શ્રી લખમશીભાઈ શાહની નિસ્વાર્થ સેવાઓની ખાસ નોંધ લઈ, તેમને આ પ્રકારનો પ્રથમ જીવનગૌરવ પુરસ્કાર આપી તેમનું ગૌરવ કરવામાં આવ્યું.

મહારાષ્ટ્ર ગુજરાતી સમાજના પ્રદેશ અધ્યક્ષ શ્રી હેમરાજભાઈ શાહના હસ્તે, શ્રી લખમશી માસ્તરનું શાલ શ્રીફળ આપી સપત્નીક ગૌરવ કરવામાં આવ્યું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ગુજરાતી સમાજના અધ્યક્ષ શ્રી કેતનભાઈ નાગડા હતા. વ્યાસપીઠ ઉપર સત્કારમુર્તિ લખમશીભાઈ, માજીમંત્રી અનિલભાઈ પટેલ, અરૂણભાઈ પટેલ, લલીતભાઈ શાહ, નરેશભાઈ પાંડ્યા, ગુજરાતી શિક્ષણ સંસ્થાના અધ્યક્ષ શ્રી કરસનભાઈ પટેલ, મહિલા મંડળના અધ્યક્ષ સૌ. હંસાબેન ઠક્કર, માનદ મંત્રી સૌ. વૈશાલીબેન પટેલ, ગુજરાતી સમાજના માનદ મંત્રી શ્રી શાંતિલાલ પટેલની વિશેષ ઉપસ્થિતી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સૌ. ગીતાબેન નાગડા તથા સૌ. પૂર્ણિમાબેન નાગડાએ સ્વાગત ગીત ગાઈને ઉપસ્થિતોનું સ્વાગત કર્યું.

મુળ કચ્છના માંડવી તાલુકાના બાયઠ ગામના લખમશી નરશી પોલડીયાએ નરશી નાથા બોર્ડીંગ - નલીયામાં રહી શિક્ષણ લીધું.

નાંદેડ ફરવા આવેલા ત્યારે જાણ્યું કે અહીંના ગુજરાતીઓની શાળાને ગુજરાતી ભાષી શિક્ષકની જરૂર છે એટલે અહીંજ વસી ગયા. શાળાના સંચાલન માટે તેને અલ્પસંખ્યક સંસ્થા જાહેર કરવવામાં તેમનું ખાસ યોગદાન રહ્યું. નિવૃત્ત થયા ત્યારે તેઓ નાંદેડની ગુજરાતી પ્રાથમિક શાળાનાં મુખ્યાધ્યાપક હતા.

તેમણે નાંદેડના અંબાજી મંદિર, જલારામ મંદિર અને મુર્તિપુજક જૈન મંદિર, તેમજ નવરાત્ર મહોત્સવ સમિતીને હિસાબો તૈયાર કરવામાં હંમેશા મદત કરી સૌના ખાસ મિત્રનું માન પ્રાપ્ત કર્યું છે.

આ ગાવ તેમને લાયન્સ કલબ ઓફ નાંદેડ અને પંચાયત સમિતિ તરફથી આદર્શ શિક્ષક તરીકેના પુરસ્કાર મળી ચુકયા છે.

જૈન મંદિર અને તેના હોલને વ્યવસ્થિત રાખવા તેમજ મંદિરના પુજારી તરીકે સેવા આપવી એ તેમની મનગમતી પ્રવૃત્તિ. તેમણે સાધુ-સાધ્વીઓની વૈયાવચ્છ માટે જરૂર પડે ૩૦-૪૦ કિ.મિ. સુધીની ખેપ કરી છે.

આવા સંનિષ્ઠ મુક સેવકને જીવન ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો, તેનાથી નાંદેડ અને આસપાસના જ્ઞાતિજનોએ ભારે ગૌરવની લાગણી અનુભવી છે.


શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



**કન્યા જોઈએ છે**

**દુબઈ સ્થિત,**

**ઉમર ૩૩ વર્ષ, હાઈટ : ૫'.૯"**

**શિક્ષણ : એચએસસી**

**સારી જોબ ધરાવતાં વેલ-સેટલ્ડ યુવક માટે દુબઈ સ્થાયી થનાર, મંગળ દોષ વગરની કન્યાના વડીલો સંપર્ક કરે.**

**મોબાઈલ : ૯૮૨૧૦ ૨૪૭૩૪**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ વાછરાદાદા અને ભલારાદાદા પહેડી તેમજ હાલારના ગામોની યાત્રા

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા તાજે તરમાં વાછરાદાદા તથા ભલારાદાદા પહેડી તેમજ હાલારના ગામોની યાત્રા કરવામાં આવી, જેમાં ૫૫ લોકો સહભાગી થયા હતા.

તા. ૩.૧.૧૪ ના કચ્છ એકસ્પ્રેસ દ્વારા ધ્રાંગધ્રા સ્ટેશન ઉતરી બસ દ્વારા ઝિઝુંવાળા જ્યાં વાછરાદાદાનું મુળસ્થાન છે ત્યાં દર્શન કરી ત્યાંથી તુલીગામમાં દેવ - દર્શન પુજા-પાઠ કર્યા. નૌકારશીનો લાભ શ્રી પંકજ સુરેશ દંડ (અપેક્ષા સાડી મુલુંડ વાળા)એ લીધો.

લાલપુરમાં ભલારાદાદાના સ્થાનકે પહેડી - પ્રસાદ તેમજ આરતી - ભક્તિ ભાવના કરી. બપોરની સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ સાંધવ વાળાએ લીધેલ.

ભરૂડીયા તીર્થના દર્શન કરી, દલતુંગી તીર્થે પહોંચ્યા, ત્યાંના મહાજને સ્વાગત કરેલ. ત્યાં ચા-પાણી તથા સંઘ પુજનનો લાભ રમેશભાઈ અને અરવિંદભાઈ રાયચંદ લોડાયાએ લીધેલ.

મોરપર દર્શન કરી... પડાણા - વાછરાદાદાના દર્શન કરી... રંગપુરમાં દર્શન આરતી કરી. ચૌવિહારનો લાભ માતુશ્રી લલીતાબાઈ કેશવજી ધરમશી હસ્તે પકંજ (પલક શીપીંગવાળાએ) પોતાના નિવાસસ્થાને લીધેલ. રાત્રી રોકાણ આરધના ધામમાં. ત્યાં સગવડ સાચવવાનો લાભ રમેશભાઈ લોડાયા અને અરવિંદભાઈ લોડાયાએ લીધેલ.

તા. ૧.૧.૧૩ ના સવારના મોટીખાવડી પુજા - પાઠ, દેવ - દર્શનકર્યા. નૌકારશિનો અને સંઘ પુજનનો લાભ માતુશ્રી સુશીલાબાઈ રતિલાલ લોડાયા હસ્તે લલીતભાઈએ લીધેલ.

ખાવડીતીર્થે મુકેશભાઈ, પંકજભાઈ લોડાયા, લલીતભાઈ લોડાયાએ ગ્રુપના સોમચંદ નાગડાનું બહુમાન કરેલ.

હાલરના દરેક ગામમાં મહાજનોએ સ્વાગત કરેલ. ત્યાંથી કાલવડ - રણુજા તેમજ વિરપુર જલારામ બાપાના દર્શન કરી રાજકોટ સ્ટેશન પર પહોચેલ. ત્યાં અતુલ લાલજી મોમાયા - સાંયરાવાળાએ ચા - દૂધ તેમજ સંઘપુજનનો લાભ લીધેલ. સંઘપૂજન પ્રેમીલાબાઈ જયચંદ લોડાયા નલીયા તેમજ અરુણાબાઈ નવીનચંદ્ર મૈશેરી - ગોધરા એ સંઘપુજન કરેલ. સ્ટેશન પર નાસ્તા તેમજ ટ્રેનમાં સાંજના ચૌવિહારનો લાભ મહેશગર જેવતગર ગૌસ્વામી સાંધવવાળાએ લીધેલ.

આવતા - જતા ટ્રેનમાં બ્રિસલેરી, ફ્રુટનો લાભ તથા સંઘપુજનનો લાભ પંકજ સુરેશ દંડ (અપેક્ષા સાડી- મુંલુંડ) એ લીધેલ. કલીંગરનો લાભ ગીતાબેન કીરીટ લોડાયા એ લીધેલ. બસમાં પ્રભાવના તેમજ બીસ્કીટ, ચોકલેટ, ચીકી, સીંગ, ભુજીયા, વેફર, ગાંઠીયા વગેરેનો લાભ ઠાકરશી લાલજી પટેલ સાંધવ વાળાએ લીધેલ. બે દિવસ બસમાં સ્તવનની હરીફાઈઓ તથા અંતકડી અને ધુન થી વાતાવરણ ધાર્મિક બન્યું.

## લાલા તિર્થે ધ્વજારોહણ ઉત્સવ

લાલા ગામના ચંદ્રજીભુજી ભગવાનના જિનલાયનો ધ્વજા મહોત્સવ મહાસુદ પાંચમ મંગળવારના ૪.૨.૧૪ના સવારથી ઉજવાશે.

## જ્ઞાતિજનની જહેમતથી તેમની થાણા નોર્થ લાયન્સ કલબને ઈન્ટરનેશનલ એક્સલન્સ એવોર્ડ



લાયન્સ ક્લબ ઓફ થાણે - નોર્થને જ્ઞાતિના જાણીતા સમાજસેવક લાયન જયેશ ખોનાના નેતૃત્વમાં તેઓ લાયન વર્ષ ૨૦૧૨-૧૩માં પ્રેસીડેંટ હતા તે વખતે થયેલ લોક ઉપયોગી પ્રવૃતિઓ અને સભ્યોમાં મૈત્રીભાવ વધારતા કાર્યક્રમો માટે લાયન્સ ઈન્ટરનેશનલ તરફથી ક્લબ એક્સલન્સ એર્વોડ પ્રાપ્ત થયો છે. અભિનંદન.

## નાગપુરના જ્ઞાતિજનોનું પિકનીક સહ દિવાલી સ્નેહ મિલન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નાગપુર દ્વારા તા. ૨૫.૧૧.૧૩ના રવિવારના નાગપુરથી ૫૦ કિ.મી. દૂરના શ્રી આદસાના ગણપતી તથા ૨૫ કિ.મિ. દુરના એદસા - લાડમ પિકનિકસહ દિવાળી સ્નેહ મિલનનું આયોજન કર્યું હતું.

નાગપુરમાં વસતા જ્ઞાતિના કુટુંબોના ૭૦ જણ સહભાગી થતા હતા.

પ્રમુખ સતેન્દ્રભાઈ લોડાયા તથા કારોબારીના માર્ગદર્શનમાં નિખીલભાઈ ખોના અને મિલિંદભાઈ પટેલનું આયોજન યાદગાર બનું હતું.

મનોરંજન વિવિધ રમતોનું આયોજન પારસ લોડાયા લોડાયા સૌ પ્રગતિ ખોના, સૌ. તુપ્તિ ખોનાએ સુંદર રીતે કરેલ. પાંચે ટ્રસ્ટીઓ સહભાગી થયા હતા.

## મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ - ધુલિયા

કારતક વદ નોમ મંગળવાર તા. ૨૫.૧૧.૧૩ના રોજ મહિલા મચંની સભા સભ્ય સૌ. મનિષબેન વિનોદ ભાટેના નિવાસસ્થાને ઉપપ્રમુખ સૌ. શીતલબેન પરેશ ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ. પ્રથમ નવકાર મંત્રથી શરૂઆત કરેલ. મહિલા મંચ તરપથી નૂતન વર્ષની શુભેચ્છા આપવામાં આવેલ. ૨૫/૧૧ મુંબઈ આતંકવાદી હમલામાં શહીદ થના રાઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. ગત સભાની મિનિટસનું વાંચન કરવામાં આવેલ. સૌ. મનિષાબેને નૂતન વર્ષની શુભેચ્છા આપી સહુનું સ્વાગત કરેલ.

મહિલા મંચ તરફથી પેપર ગેમ રમાડવામાં આવેલ. જેમાં પ્રથમ સૌ. મનિષાબેન વિનોદ બાટે તથા દ્વિતીય સૌ. ચેતનાબેન જયેશ ભાટે વિજેતા થયેલ. વિજેતાઓને મહિલા મંચ તરફથી ઈનામ આપવામાં આવેલ. બાદ સૌ. મનિષાબેને હાફ મિનિટ ગેમ રમાડેલ. જેમાં પ્રથમ સૌ. દર્શનાબેન મધુસૂદન દંડ તથા દ્વિતીય સૌ. ભાવનાબેન હેમેન લોડાયા વિજેતા થયેલ સરપ્રાઈઝ ગેમમાં સૌ. ભાવનાબેન હેમેન લોડાયાને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. મનિષાબેને તરફથી ઈનામ આપવામાં આવેલ. સૌ. મનિષાબેને આભારવિધી કરેલ.

માગશર સુદ છઠને રવિવાર તા. ૮.૧૨.૧૩ના રોજ મહિલા મંચની સભા સભ્ય સૌ. દર્શનાબેન





**શેઠ શ્રી નરશી નાથા જૈન બાલાશ્રમ-નલિયા**
**ના ભૂતપૂર્વ છાત્રો જોગ**

**શેઠ શ્રી નરશી નાથા જૈન બાલાશ્રમ-નલિયા નાં ભૂતપૂર્વ છાત્રો જોગ નિવેદન છે કે,**
**બાલાશ્રમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મેળાવો (જાન્યુઆરી/ફેબ્રુઆરી ૨૦૧૪ માં) યોજવાનું વિચાર છે.**
**એમાં બહોળી સંખ્યામાં સામેલ થવા ભૂતપૂર્વ છાત્રોને આવાહન છે.**
**છાત્રાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પોતાના નામો નીચેના સરનામે નોધાવવા વિનંતી છે.**

વિનીત
**કલ્પેશ માણેકજી મોતા**

**૨૦, કાપડિયા ચેમ્બર્સ, ૫૧, દેવજી રતનશી માર્ગ, મસ્જીદ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૦૯.**
**ફોન : ૦૨૨-૪૪૨૨ ૯૧૦૦ (ડીમ્પલ ખોના)**

**સંપર્ક સમય**
**સવારના ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦**

મધુસૂદન દંડના નિવાસસ્થાને પ્રમુખ સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ મળેલ. બાલદિનની ઉજવણી રૂપે પધારેલા જ્ઞાતિના બાળકોનું સૌ. દર્શનાબેને ફુલથી તેમજ સભ્યોનું સ્વાગત કરેલ. બાળકોએ નવકારમંત્રથી શરૂઆત કરેલ.

બાળકોને બાલદિનની શુભેચ્છા આપવામાં આવેલ. બાળકો તથા સભ્યોએ ઉત્સાહથી ભાગ લીધેલ. ભાગ લેનાર દરેક બાળકને મહિલા મંચ તરફથી ઈનામ આપવામાં આવેલ. સભ્યોમાંથી પ્રથમ સૌ. લત્તાબેન જયંત દંડ તથા દ્વિતીય સૌ. ઉષાબેન દિલીપ નાગડા અને સૌ. ભાવનાબેને હેમેન લોડાયા વિજેતા થયેલ. સભ્યોએ બનાવેલ વિવિધ હસ્તકલા વસ્તુઓનું પ્રાત્યક્ષીકરણ દર્શાવવામાં આવેલ. પ્રમુખશ્રી સૌ. પ્રીતિબેને મોમાયા, સભ્ય સૌ. ઉષાબેન નાગડા તથા મુંબઈ પધારેલે ધુલિયાની દિકરી સૌ. સીમાબેને બીજી કેટલીક હસ્તકલાની વસ્તુઓ બનાવતાં શીખવેલ.

બાદ સૌ. દર્શનાબેને પેપરગેમ રમાડેલ. જેમાં પ્રથમ સૌ. શીતલબેન પરેશ ભાટે તથા દ્વિતીય સૌ. વીણાબેને વીરચંદ સોની વિજેતા થયેલ. સરપ્રાઈઝ ગેમમાં સૌ. મનિષાબેને વિપુલ મોમાયાને ઈનામ મળેલ. વિજેતાઓને તથા દરેક બાળકોને સૌ. દર્શનાબેન તરફથી ઈનામ આપવામાં આવેલ. સૌ. દર્શનાબેને આભારવિધી કરેલ.

## શ્રી ભલારા દાદા - શ્રી સચ્ચાઈ માતાજી - વરંડી મોટી ધ્વજા મહોત્સવ

શ્રી અમીઝરા ભલારા દાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીના વરંડી (કચ્છ) સ્થાનકે તા. ૦૬ તથા તા. ૧૭.૧૨.૨૦૧૩ માગશર સુદ ૪-૫ ના યોજાયેલ ધ્વજા મહોત્સવે મુંબઈ - ગાંધીધામ - બેંગલોર, કોચીનથી પર ભાવિકો વરંડી પધારેલ.

તા. ૦૬.૧૨.૧૩ ના પહેડી શ્રી ક્ષેત્રપાળદાદા, ભલારાદાદા તથા શ્રી સચ્ચાઈમાતાજીની પંહેડી ધ્વજાના લાભાર્થી પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ તેમજ સાંજે ભુવાશ્રી મનોજ ડી. શાહની ઉપસ્થિતીમાં એ વિધિ વિધાનથી હનુમાન મંદિરે લોટ તેમજ આહવાન અને શ્રી ભલારાદાદાનો પાઠ રમેશ લોડાયા દ્વારા મંડાયેલ. પાઠની વિધિ બાદ ગરબા, ભાવના તથા સમુહ આરતી થઈ.

તા. ૭.૧૨.૧૩ને શનિવારના સવારે અભિષેક તેમજ સિંદુરલેપ વિધિ કર્યા બાદ શણગાર તથા સુંદર સજાવટ જયશ્રીબેન પીર દ્વારા અન્ય બહેનાના સંગાથે કરવામાં આવેલ.

ગ્રામજનો તથા ભાવિકોની ઉપસ્થિતિએ ધારાવડી, પખાવાજ, ગરબા - રાસ રમતાં ગામની પ્રદક્ષીણા કરીને શેઠશ્રી કલ્યાણદાજી ભાણજી લોડાયા પરિવારના સભ્યો દ્વારા વિજય મુહુર્તે શ્રી ભલારાદાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીના જયનાદના વચ્ચે ધ્વજા ચડાવવામાં આવેલ.

ધ્વજારોહણ બાદ પ્રસાદી, પ્રભાવના તેમજ પહેડી અને સમૂહ આરતી કરવામાં આવેલ.

પ્રસાદ (ભોજન) લઈ ભાવિકો મુંબઈ રવાના થયેલ મુંબઈમાં પહેડી ૯.૨.૨૦૧૩ ને રવિવારના ભાંડુપ - અનંતસિદ્ધિ ખાતે લાભાર્થી પરિવાર માતુશ્રી પ્રેમીલાબેન મણિલાલ પોલડીયા ડુમરા તરફથી થશે. સર્વે ભાવિકો - નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા નિમંત્રણ છે.

## શ્રી વિતરાગ મિત્ર મંડળ - હેદરાબાદ દ્વારા શીખરજી મહાયાત્રા

શ્રી વિતરાગ મિત્ર મંડળ - હૈદરાબાદ દ્વારા શીખરજી મહાયાત્રા નું આયોજન તા. ૨૩.૧૧.૧૨ થી ૩.૧૨.૧૩ સુધી કરવામા આવ્યું.

સમગ્ર આયોજનના સંઘપતિ બનવાનો લાભ તારાચંદજી પરિવારે લીધલે. સંઘપતિ પરિવારની ખુબ - ખુબ અનુમોદના કરવામાં આવી. તા. ૨૩.૧૧ શુક્રવારના શ્રી મણીભદ્રવીરના આશિર્વાદ લઈ ૧૨૦ યાત્રીઓએ પટના એક્સપ્રેસ દ્વારા શુભ પ્રયાણ કર્યું. તા. ૨૪.૧૧ ના બપોરના અલહાબાદ આગમન.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

સંઘ ત્યાંથી કોસાબી, ભેલપુર, ચંન્દ્રપૂરી, સિંહપૂરી, વારાનશી, ભેદની, શિખરજી, ઋજુવાલિકા, ચંપાપુરી, ભાગલપુર, કાકંડી, કુડલપુર, લછવાડ, ગુણીયાજી, રાજગિરી, નાલંદા અને પાવાપુરી આદિ તીર્થ પર દર્શન સેવા પુજા - ભાવના કરતા છેલ્લે શીખરજી પહોંચ્યા. શીખરજીમાં શ્રી ભોમીયાજીના દર્શન કર્યા. સંઘના ૫ વર્ષ થી ૮૩ વર્ષના બધાજ યાત્રિકોએ ૨૭ કિ.મિ. એટલે કે ચન્દ્રપ્રભુની ટુંક - પારસનાથ ટુંક સહિત જાત્રા કરી.

સમગ્ર સંઘના સુચારું આયોજનમાં વિતરાગ મંડળના કાર્યકરો ખુશાલભાઈ લોડાયા, ગૌતમભાઈ લોડાયા, રાજેશ મોતા, રાજેશ જૈન, એ વ્યવસ્થા ખુબજ સારી રીતે સાચવી. વિતરાગ મંડળ દ્વારા દાતા પરિવારનો સ્મૃતિચિહ્ન અર્પણ કરી અનુમોદના કરવામાં આવી ટુર ઓર્ગનાઈઝર સંભવ ટુરવાળા હિતેશભાઈનું સંઘ દ્વારા બહુમાન કરવામાં આવ્યું. સમગ્ર યાત્રા દરમ્યાન સંઘમાં જોડાયેલા યાત્રિકો પણ સેવા આપવા બધી જગ્યાએ તત્પર રહેતા.

વિતરાગ મંડળ દ્વારા બધા યાત્રિકોને બેડીંગની પ્રભાવના કરવામાં આવી. સંઘ ખુબજ સારી રીતે યાત્રા કરી તા. ૩.૧૨.૧૩ના રાતના હૈદરાબાદ પહોંચ્યો.

### ક.દ.ઓ મહિલા મંચ નાગપુર

શ્રી. ક.દ.ઓ. મહિલા મંચ નાગપુર દ્વારા તા. ૧૪.૧૧.૧૩ના મહાકાળીમાની ભાવના સૌ. અંજુ પ્રતાપ ધરમશીને ત્યાં ભણાવવામાં આવી.

તા. ૧૦.૧૨.૧૩ને મંગળવારે સૌ. ક્ષમા અનિલ ખોનાને ત્યાં મહાકાળીમાની ભાવના રાખવામાં આવી હતી. ત્યારબાદ મહિલા મંચની મિટીંગ લેવામાં આવી હતી. જેમાં સૌ. પ્રાજક્તા દેશમુખ જેઓ એમ. એસ. સી.ઈન.સાયકોલોજી ભણેલા છે તથા નામાંકિત શાળામાં પાંચ વર્ષથી કાઉન્સેલર તરીકે સેવા આપી રહ્યા છે, તેમને આમંત્રીત કરવામાં આવ્યા હતા. તેમણે નાના બાળકોના વર્તનને કઈ રીતે સમજવું તથા કુટુંબની પેઢી-દર પેઢીને તેમની જોડે કઈ રીતે વર્તણૂક રાખવી તે વિશે તથા બાળકોના સ્વભાવ, વિચારોને આજની દુનિયાના માહોલમાં અકુંશિત રાખવા અંગેના સંવાલોના જવાબ આપ્યા હતા.


## સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવાર સમુહ પહેડી સમિતી

## શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવારની કુલદેવી શ્રી સચ્ચાઈમાંની સમુહ પહેડી

**શ્રી સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિ કચ્છ તથા હાલારનાં લોડાયા પરિવારનાં કુલદેવી શ્રી સચ્ચાઇ માતાની પ્રથમ સમુહ પહેડીનું આયોજન કરવામાં આવેલ છે.**

**આપણી જ્ઞાતિનાં ગામે - ગામની અલગ - અલગ થતી પહેડીઓને એક તાંતણે બાંધીને સમસ્ત લોડાયા પરિવારને એકત્ર કરવાનો તથા આપણી કુલદેવી પ્રત્યેની ફરજ બજાવવાનો આ અનેરો પ્રયાસ છે.**

**સમુહ પહેડી ચૈત્ર વદ ૪ ને શનિવાર તા. ૧૯/૦૪/૨૦૧૪ સાંજે સમય ૩.૦૦ થી ૧૦.૦૦ શ્રી ગ્રેટ નાલાંદા હોલ મધ્યે નિર્ધારેલ છે.**

**શ્રી ક.દ.ઓ. લોડાયા પરિવારના સહુ સ્વજનો આ પ્રસંગે સહ - પરિવાર પધારી આ પ્રસંગને દિપાવવા ઉપકૃત કરશોજી.**

આયોજક : **શ્રી સમસ્ત ક.દ.ઓ. લોડાયા પરિવારની કુલદેવી શ્રી સચ્ચાઈમાં સમુહ પહેડી સમિતિ વતી**

**પ્રમુખ : શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા**

**સંપર્ક : ગોવિંદજી લાલજી પટેલ મો. 9820540949**

**વિરચંદ નરશી લોડાયા : મો. 9594600900**

સૌ તૃપ્તિ નીખીલ ખોના તરફથી તેમને ભેટ આપી બહુમાન કરવામાં આવ્યું.

## સખીવૃન્દ - પુના

સખીવૃન્દ - પુનાની મિટીંગ ૨૧મી ડિસેમ્બરના દિવ્યા ખોનાને ઘેર યોજાઈ. નાતાલ પર્વને અનુલક્ષીને એમણે ઘરની સજાવટ કરી હતી. નવકાર મંત્રના પઠનથી શુભ આરંભ થયો.

ઉંમર વધતા હાડકાની દુઃખાવાની સમસ્યા વધતી જાય છે, તેના માટે કેવા પગલાં લેવા જોઈએ તેમજ ભવિષ્યમાં સમસ્યા વધે નહીં અથવા ઊભી ન થાય એ માટે શું કરવું જોઈએ - એની સમજણ બધાને મળે એ ધ્યાનમાં રાખીને દિવ્યાબેનો એ વિષયના નિષ્ણાત ફિઝીઓથેરાપિસ્ટ ડો. સુકન્યા તેલંગને આમંત્રિત કર્યા હતા.

ડો. તેલંગે બાળપણથી વૃધ્ધાવસ્થા સુધીમાં આવતી નાની - મોટી સમસ્યાઓ વિષે સમજાવ્યું. નિદાન કેવી રીતે કરી શકાય, કેવી આદતો કેળવવી જોઈએ, કઈ કસરતો કરવી જોઈએ એ સર્વે પર પ્રકાશ પાડયો દા.ત. બાળક જન્મે ત્યારે રડે નહીં અથવા ચોથા મહીને ડોક પકડી ન શકે તો કઈક ખામી છે. એના વિષે પૂરી તપાસ કરાવવી જોઈએ. મંદ બુદ્ધિના બાળક માટે પણ ઉકેલ છે. લકવા, કંપવા, ફેકચર્સ આર્થરાઈટીસ, ઓસ્ટોપોરોસીસ, ખભાનું ઉતરી જવું, સ્પોન્ડીલાઈટીસ, કમરનો-પીઠનો દુઃખાવો વગેરે રોગો વિષે સવિસ્તર માહિતી આપી. ઉઠવા - બેઠવાની રીત સમજાવી. થોડો પણ દૂખાવો વધતાં નિષ્ણાત પાસે જવું જોઈએ. એ કસરત કરાવે અને આપણે પોતે કરીએ એમાં ઘણો ફેર છે - એ વિષે પણ સ્પષ્ટતા કરી.

એમનું ખાસ કહેવું હતું કે ક્યારે પણ કઈક વાગી ગયું હોય તો ઠંડા પાણીનો જ શેક કરવો, સોજો હોયતો ગરમ શેક ન કરવો, મસાજ પણ ન કરવું ક્યાં પણ દુખાવો હોયતો તો તેનું કારણ પહેલાં શોધવું જોઈએ. તેમણે દરેક દુઃખાવાના નિરાકરણ માટે વ્યવસ્થિત કસરતો બતાવી તેમજ સુર્ય નમસ્કાર કેમ કરવો તે બતાવ્યું. હાડકાના કયા રોગ હોય એના ચિત્ર સાથે ઝેરોક્ષ નકલ સર્વે બેનોને આપી.

આ વર્ષનો થીમ **નારી શક્તિ**ના સંદર્ભમાં શ્વેતા ડાઘાએ નારીની ઓળખ રૂપે જૈન શાસ્ત્રની આદ્ય નારીઓમાંથી એક નારી સુલસા, શ્રાવિકાના જીવન ચરિત્રની ઝલક આપી.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને તેમના માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો સરળતાપુર્વક ચાલે છે. ટ્રસ્ટ દર બુધવારના ગરીબોને ભોજન, અન્નદાન, વૈદ્યકિય મદદના કાર્યો કરે છે.

બુધવારના ગરીબોને ભોજન આપનાર દાતા (કાયમતિથીના લાભાર્થીઃ ૧. ઠાકરશી રતનશી ગડા (બરોડા) ૨. દામજી હંસરાજ ધરમશી (વડાલા), ૩. દેવજી પુનશી મોતા (અંકલેશ્વર), ૪. લક્ષ્મીબેન કેશવજી લોડાયા (હસ્તે - વિજયાબેન પટેલ અને વિરચંદ ભાટે, (ચાલીસગામ), ૫. મીનાબેન શામજી લોડાયા હસ્તે -તોરલબેન, રાજુલબેન (થાણા), ૬. ગુલાબભાઈ દેવશી ડાઘા (અમલનેર), ૭. શા. દેવજી રતની પટેલ હસ્તે - વિજયાબેન પટેલ અને વિરચંદ ભાટે (ચાલીસગામ).

એક દિવસના નકરાના લાભાર્થી : ૧. મીના કિરિટ ડાઘા (વરાડિયા), ૨. ગીતા મુકેશ લોડાયા (મુલુન્ડ) ૩. લતા ભરત મૈશેરી (ઘાટકોપર) ૪. રેખા લલિત મોમાયા (ચાલીસગામ), ૫. શાંતિલાલ કેશવજી લોડાયા (થાણા), ૬. દિપા મનીષ લોડાયા (ચાલીસગામ)

અન્ય એક બૂધવારના ભોજન જમાડનાર દાતા : ગૌરવ ખુશાલ મૈશેરી (નાશીક), સ્વ.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

વિરચંદ શિવજી ખોના (હુબલી), જવાહરલાલ દેવજી કુરવા (કાંદિવલી), કુનાલ જયેશ નાગડા (કાંજુરમાર્ગ), યશ અખિલ વિનોદ મોમાયા (વરાડિયા), હિરવંતિ બકિંમચંદ્ર નાગડા (નલિયા), માધુરી દિનેશ લોડાયા (સાંયરા) આનંદ વસંત પોલડીયા (બડગરા).

## સાહિત્ય પ્રેમી જ્ઞાતિ આગેવાન હિરાચંદ કરમશી પટેલ (નાગડા)ની ચિરવિદાય



શ્રી હિરાચંદ કરમશી લધાભાઈ પટેલ (નાગડા) સાંધાણના દેહાંતથી જ્ઞાતિએ એક સાહિત્ય પ્રેમી આગેવાન ગુમાવ્યા છે. સદગત પ્રકાશ સમીક્ષામાં શિશુમહેલ (બાળ) વિભાગના સહ - સંપાદક હતા અને તેમણે સાંધાણ તિર્થના ટ્રસ્ટી તરીકે માન ભરી સેવા આપી હતી.

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મધુરી અશોકકુમાર લોડાયા** | બી-૦૦૧, સિતારામ નગર કો.ઓ.હા.સો.લિ. વિશાલ હોટલ પાછળ, માનપાડા રોડ, ડોંબિવલી (ઈ) ૪૨૧ ૨૦૧ |
| **સિદ્ધાંત દંડ** | ૨૨૦૩, સ્પ્રીંગ આયલેંડ સીટી સેન્ટર, જી.ડી.ઓબેડકર રોડ, વડાલા ટેલીફોન એક્સેંજ પાસે, દાદર (પુર્વ) નાયગાવ મુંબઈ - ૪૦૦૦૧૪ |
| **લીલાવંતી ચંપકલાલ નાગડા** | બી-૯૦૫, દૈવત ટાવર, કલ્પનગરી, બાલરાજેશ્વર રોડ, વૈશાલી નગરની બાજુમાં, મુલુડ (વે) ૮૦ |
| **મિતેન જીતેન્દ્ર મૈશેરી** | એ ૧૧, બીજે માળે, ચેતન અપાર્ટમેન્ટ, સાને ગુરુજી નગર, સ્ટેટ બેંક ઓફ હૈદરાવાદ સામે, મુલુંડ (ઈસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૮૧ |
| **સોનલબેન કે છેડા** | સી-૧૦, શેફાલી અપાર્ટમેન્ટ, લાવણ્ય સોસાયટી પાસે, વાસણા, અમદાવાદ ૩૮૦૦૦૭ |
| **રજનીશ ચંદ્રકાંત નાગડા** | પુષ્પ પ્રભા બંગલો, ફીટ વેલ ટેલર પાસે, પહેલે માળે, કેલા નગર, કેલા પોસ્ટ સામે, ખામગામ જિ. બુલઢાણા ૪૪૪૩૦૩ |
| **મહેશ કુંવરજી હીરજી લોડાયા** | ૧૬૦૭ રાધાનગરી સોસાયટી, રાણીસતી માર્ગ, બી.એમ.સી. સ્કુલની પાછળ, મલાડ (ઈ) ૯૭ |
| **કૌશિક વસંત હેફા (શાહ)** | ૧૨૦૮ ઓમારુ, પ્રેસ્ટીજ વેલીંગટન પાર્ક, જોડ ગલ્લી, બેંગલોર ૫૬૦૦૧૩ |
| **પ્રરેશ વસંત હેફા (શાહ)** | ૬ છેડા સદન, બીજે માળે, શિવમંદિર રોડ, ડોંબિવલી ઈસ્ટ ૪૨૧૨૦૧ |
| **પરેશ પી. ખોના** | એ-૪૦૪, શશાંક પાર્ક, ગુરજર ગેસ કંપનીની બાજુમાં, અડાજણ ગામ, સુરત ૩૯૫૦૦૯. |
| **પંકજ પી.ટી ખોના** | ૫- નીલકીરણ પહેલે માળે, ગુપ્તા નિવાસ કંપાઉંડ, વી.પી. રોડ, મુલુંડ (વેસ્ટ) મુંબઈ - ૮૦. |
| **તેજસ પ્રવિણચંદ્ર લોડાયા** | સી-૫૦૨, ઉમીયા તીર્થ રેસીડેન્સી, પાચવે માળે, સ્યાના સીટી પાછળ, સી બંગલો પાસે, ચાંડલોડીયા અમદાવાદ ૩૮૦૦૬૧ |
| **પરેશ આર લોડાયા** | હિરાસદન, પહેલે માળે, રૂમ નં. ૧૧, (આશાપુરા મંદિરની ઉપર), ઓમ જ્વેલર્સ ની પાસે, ચેતના હોસ્પીટલની સામે, આર. આર. ટી રોડ, મુલુંડ વેસ્ટ મુંબઈ - ૪૦૦૦૮૦. |

## નવા/બદલાયેલા ફોન નંબર

| | |
|---|---|
| **મહેશ કુંવરજી લોડાયા** (મલાડ) | 09029620255/9819682313 |
| **સિદ્ધાંત દંડ** (દાદર) | 022-66152203 |
| **લીલાવંતી ચંપકલાલ નાગડા** (મુલુંડ) | 022-21644982 |
| **પંકજ પી.ટી ખોના** (મુલુંડ) | 09323866334 |
| **ભાવીન ખોના** (મુલુંડ) | 08082475881 |

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ઉતરાયણ સાથે સુર્ય ઉત્તર દિશામાં પ્રવાસ શરૂ કરશે. કહેવાય છે કે સુર્યનો ઉત્તર તરફનો પ્રવાસ માનવજીવનમાટે નવી આશા જગાડનારો હોય છે. ઉતરાયણ નિમિત્તે મહારાષ્ટ્રમાં તલના લાડુ આપી મિઠું બોલવાનું વચન લેવામાં આવે છે. ચાલો આપણે પણ એમજ કરીએ. - ચીમન મોતા

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI™ Continental
MADHUBAN - JHARKHAND

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૦૬.૧૨.૧૩ | ડોંબીવલી | જીલ-ભાવિકા/કેવલ ઝવેરચંદ ધરમશી | તેરા | પુત્રી |
| ૦૭.૧૨.૧૩ | વડોદરા | જૈનમ-રચના/હિતેશ રમેશ ધરમશી | કોઠારા | પુત્ર |
| ૨૦.૧૨.૧૩ | સુરત | હર્ષીત-તોરલ/ડોલર હિરાલાલ છેડા | નલિયા | પુત્ર |
| | | **સગપણ** | | |
| ૧૨.૧૨.૧૩ | - | ચંદ્રેશ ટોકરશી લોડાયા | રવા | ૨૫ |
| | - | માનસી હેમંત ઝવેરચંદ મોમાયા | વરાડીયા | ૨૪ |
| ૧૨.૧૨.૧૩ | પનવેલ | પરેશ હિરાચંદ ગોવિંદજી નાગડા | નલિયા | ૨૭ |
| | ડોંબિવલી | ચેતના મણિલાલ પદમશી લોડાયા | કોઠારા | ૨૭ |
| | | **સગપણ છુટું** | | |
| ૦૫.૦૧.૧૪ | અમદાવાદ | રૂષભ લલીત કુમાર સોમચંદ છેડા | જસાપર | ૨૪ |
| | વિશાખાપટ્ટમ | કરિષ્મા ચંદ્રકાંત લક્ષ્મીચંદ લોડાયા | સાયંરા | ૨૪ |
| | | **લગ્ન** | | |
| ૨૧.૧૨.૧૩ | મુલુંડ | નોહીલ નિતીન મોતા | કોઠારા | ૩૦ |
| | હુબલી | દક્ષા કૈલાસ મુનવર | જખૌ | ૨૨ |
| | | **આંતર જ્ઞાતીય લગ્ન** | | |
| ૧૭.૧૨.૧૩ | ભાંડુપ | મૃણાલ કિર્તી કુંવરજી ખોના | સાંયરા | ૨૬ |
| | થાણા | સમીરા અલાબશ લાલ સંઘી | બીજાપુર | ૨૬ |
| ૨૫.૧૨.૧૩ | - | જયેશ શાંતિલાલ છેડા | સુથરી | ૪૦ |
| | મહાડ | સુધા રામદાસ શિરકર | મહાડ | ૩૦ |
| | | **મરણ** | | |
| ૦૪.૦૧.૧૪ | મુલુંડ | હિરાચંદ કરમશી લધાભાઈ નાગડા (પટેલ) | સાંધણ | ૭૬ |
| ૦૨.૦૧.૧૪ | મોટી ખાવડી | વિજય સોમચંદ પદમશી લોડાયા | મોટી ખાવડી | ૫૮ |
| ૦૧.૦૧.૧૪ | વજ્રેશ્વરી | પુષ્પાબેન ધારશી લીલાધર નાગડા | લાલા | ૫૫ |
| ૦૬.૦૧.૧૪ | મુલુંડ | મધુકાંન્ત અરજણ ચાપસી દંડ | મંજલ | ૬૯ |
| ૦૪.૦૧.૧૪ | ઘાટકોપર | કાંતિલાલ જીવરાજ નાયાભાઈ નાગડા | રંગપુર | ૭૩ |
| ૦૪.૦૧.૧૪ | માલેગામ | પદમશી કલ્યાણજી માલશી શિયાળ | જખૌ | ૭૯ |
| ૦૮.૦૧.૧૪ | ઈરોડ | મણીકાંત દામજી હિરજી મૈશેરી | નલિયા | ૭૩ |

## વારાપધરના વારાપીરની પહેડી

વારાપધર ક.દ.ઓ. જૈન મહાજનના ઉપક્રમે તેમજ શ્રી વારાપધર જૈન યુવક મંડળ દ્વારા ગામધણી ઓલીયાં શ્રી વારાપીરની સામુહ પહેડી રવિવાર તા. ૧૯.૦૧.૨૦૧૪ના રોજ શેઠશ્રી નરશી નાથા (એ.સી) હોલ અનંત સિધ્ધી મધ્યે યોજાશે. કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થી અભિવાદન સમારોહનું પણ આયોજન કરવામાં આવેલ છે. સૌ ગામવાસીઓ નીયાણી બહેનોને સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પહેડીનો લાભ ચંદ્રકાંત હંસરાજ લોડાયા પરિવારે લીધેલ છે.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા તા. ૧૧.૦૧.૨૦૧૪ તા. ૧૨.૦૧.૨૦૧૪ના કચ્છમાં અનાજ વિતરણ કરવામાં આવ્યું.

સમુહલગ્ન મહોત્સવ ભુજમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ જોડનાર વર - વધુ તેમજ કાર્યકરોને દાતા પરિવાર તરફથી તા. ૧૮.૦૨.૨૦૧૪ થી ૨.૩.૧૪ સુધી મહુડી, બીજાપુર, આગલોટ, શંખેશ્વરજી, પાલીતાણાની યાત્રા કરવામાં આવશે.

# જૈન - જગત એકસાથે, એક દિવસમાં, એક જ જગ્યાએ ૫ કલાકમાં ૧૪ કરોડ નવકાર ગણાયાનો (વર્લ્ડ) રેકોર્ડ બન્યો ચારેય ફિરકાઓના ૧ લાખથી વધુ જૈનો સહભાગી થયા





મુંબઈમાં ગોરગામ (ઈસ્ટ)ના નેસ્કો (બોમ્બે ઓકિઝબિશન સેન્ટર ગ્રાઉન્ડમાં રવિવાર તા. ૫.૦૧.૨૦૧૪ના વિશ્વશાંતિ અર્થે યોજાયેલા નવકાર મહામંત્રના સામૂહિક જાપમાં ૯,૯૯,૯૯,૯૯૯ નવકાર ગણવાનું આયોજન થયું હતું, જેમાં ધાર્યા કરતાં ચારેય ફિરકાના જૈન ધર્મીઓની સંખ્યા ૪૦ ટકા વધી જતાં ૯,૯૯,૯૯,૯૯૯ નવકારને બદલે ૧૪ કરોડ નવકાર ગણાયા હતા, જે એક વર્લ્ડ રેકોર્ડ બન્યો.

અદ્‌ભુત આયોજન : એક જ પરિવાર દ્વારા થયેલા આ વિરાટ કાર્યક્રમનું આખું આયોજન ખુબ વ્યવસ્થિત હતુ. લોકોની સંખ્યા વધી ગઈ હોવા છતાં ક્યાંય અંધાધુંધી કે અરાજકતા નહોતી. નવકાર મંત્રના જાપ માટે નેસ્કોના હોલ - નંબર એક અને ત્રણમાં વ્યવસ્થા હતી અને પાંચ નંબરના હોલમાં બધા લોકો માટે સવારે ચા - નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. હોલ - નંબર ૧ જેમાં આખો કાર્યક્રમ યોજાયો હતો એ કુલ નવ ભાગમાં વહેંચવામાં આવ્યો હતો. સાધકોના બેસવા માટે ખુરસીઓ તેમ જ ગાદલાંની વ્યવસ્થા હતી. ૬ મોટી સ્ક્રીન વડે છેક પાછળનો માણસ પણ સ્ટેજની ગતિવિધી જોઈ શકતો હતો, જ્યારે બીજા હોલમાં પણ મોટી સ્ક્રીન પર લાઈવ ટેલિકાસ્ટ બતાડવામાં આવતું હતું.

શ્વેતાંમ્બર, દિગમ્બર, સ્થાનકવાસી, દેરાવાસી એમ મુખ્ય ચાર ફિરકા અને અનેક પેટા ફિરકાના હિન્દી, ગુજરાતી, કચ્છી, મારવાડી ભાષીય જૈનો અહીં આવ્યા હતા. એ જ રીતે બધા સંપ્રદાયના મળીને અઢીસોથી વધુ સાધુ-સાધ્વીજી મહારાજસાહેબો પણ અહીં પધાર્યાં હતાં. નવકાર પોતાના મનમાં ગણી માળનો એક એક પારો આગળ વધારવાનો હતો. એના માટે દાતા પરિવારે દરેકને ૨૧ નવકારવાળી ગણવાની વિનંતી કરી હતી. જાપ માટે આવેલા ભાવિકોને નવકારવાળી,વાસક્ષેપ તેમ જ પ્રભાવના આપવામાં આવી હતી.

જૈન ધર્મ પાળતા ૫૦થી વધુ અલગ - અગલ જ્ઞાતિના જૈનો સુરત, વલસાડ તથા વિરારથી ચર્ચગેટ સુધીના બધા વિસ્તારોમાંથી આવ્યા હતા તો ફક્ત પુણેથી ૧૫૦ બસોમાં જૈનો આ અનુષ્ઠાનમાં ભાગ લેવા આવ્યા હતા.

એ જ રીતે પૂર્વીય પરાં કલ્યાણ, કલવા, ભિવંડી અને ડોમ્બિંવલીથી પણ સેંકડો જૈનો બસ દ્વારા આવ્યા હતા. તે બધાની આવવા - જવા માટેની વ્યવસ્થા દાતા પરિવારે કરી હતી. એ માટે દોઢ મહિનાથી બધી સ્થાનિક જગ્યાઓનાં ધર્મસ્થાનકોમાં ફોર્મ આપવામાં આવ્યા હતાં. આ ઉપરાંત છેલ્લા દિવસોમાં મોબાઈલથી રજિસ્ટ્રેશન કરીને પણ અનેક શ્રાવકો આ પ્રસંગે આવ્યા હતા.

## જ્ઞાતિના દીકરી - જમાઈએ દીકરાના અકસ્માતે મૃત્યુની કરુણાંતિકાને ઘણા લોકો માટે હર્ષમાં પલટાવી સદગતની યાદ અવિસ્મરણીય બનાવી દીધી



નિમેશ તન્ના આમ તો રેલ અકસ્માતમાં દેહાંત પામ્યા છે, પણ એમના માતા - પિતાએ એમના નામે કંઈ એવું અનોખું આયોજન સફળતાપુર્વક અમલમાં મુક્યું છે કે આજે દેહાંત પામ્યાને ઘણો સમય વિત્યો છતાંય તેની યાદ માત્ર તે આયોજનનો લાભ મેળવનારાઓના મનમાં જ નહીં લગભગ મુલુંડના સમગ્ર ગુજરાતી સમાજમાં તાજી જછે.

આવા સદભાગી સદગતનું નામ છે નિલેશ તન્ના..... ક.દ.ઓ. જ્ઞાતિના આ ભાણેજની સ્મૃતિમાં તેની માતા દમયંતીબેન (મુળે લક્ષ્મીચંદ રતનશી મોમાયા વરાડીયા - ઘાટકોપરવાળાની દીકરી) અને જમાઈ લોહાણા જ્ઞાતિના પ્રદિપ મુલજી તન્ના (મુરુ તા. નખત્રાણા) એ જુવાન દીકરો ખોવાના આઘાતમાંથી બહાર આવવા જે કર્યું છે તેણે નિમેષને દેહાંત પછીય અવિસ્મરણીય બનાવી દીધો છે.

દમયંતી - પ્રદીપ તન્નાની જોડીએ સદગત પુત્ર નિમેષના નામે ટ્રસ્ટ બનાવી ખાવાનું બનાવવામાં મુશ્કેલી અનુભવતા અનેક વૃધ્ધોને શુદ્ધ - સાદા - પોષ્ટિક ભોજનના ટીફીન સેવા શરૂ કરી જે કર્યું તે કંઈક વિશેષ અને અનુમોદનીય છે.

૨૦૧૪ની ૨૬મી જાન્યુઆરીએ આ સેવા શરૂ થવાને એક વર્ષ પૂર્ણ થશે. આ એક વર્ષમાં આ સેવાનો લાભ મેળવનારા વૃધ્ધ કુટુંબોની સંખ્યા શરૂઆતના ૩૦થી બમણી થઈ છે.

આ કાર્યમાં તેમને શ્રીમદ રાજચંદ્રના અનુયાયીઓ, શ્રી મુલુંડ ઝાલાવાડી સ્થા. જૈન સંઘ તથા નમ્રમુનિ પ્રેરિત લુક એન લર્ન સંસ્થાનો સહયોગ મળ્યો છે.

ગુજરાતી મિડ-ડે એ દમયંતીબેન - પ્રદિપ તન્નાની પુત્રની દેહાંત પછીય સ્મરણમાં રાખવાની જે રીત અપનાવી છે, તે અંગે જુલાઈમાં એક લેખ પ્રગટ કર્યો, તે વાંચીને વાપીના બે દંપતિઓએ તન્ના દંપતિનો સંપર્ક સાધીને ત્યાં આવી સેવા શરૂ કરી છે.

દુઃખ પામવાથી સુખ આપવા સુધીની યાત્રા જાણીને ઝુકી તો જવાય ને!

**(વિનય શિવજી મોમાયાએ આપેલી માહિતીનું ભરત છેડાએ કરેલ સંકલન)**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ।day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શિક્ષકવર્ય લખમશીભાઈ શાહ - પોલડીયા બાયઠ (નાંદેડ) ને જીવન ગૌરવ પુરસ્કાર




૧. સંબોધન કરી રહેલા ગુજરાતી સમાજના પ્રમુખ હેમરાજ શાહ
૨. લખમશીભાઈનું સન્માન કરી રહેલ હેમરાજભાઈ અને ગુજરાતી સમાજ નાંદેડના આગેવાનો
૩. લખમશીભાઈ પરિવાર સાથે
૪. નાંદેડ ગુજરાતી સમાજના આગેવાન સાથે હેમરાજભાઈ શાહ
૫,૬,૭. હેમરાજભાઈ શાહનું સન્માન કરી રહેલા નાંદેડ ગુજરાતી સમાજના આગેવાનો
૮. દિપ પ્રાગટ્ય કરી રહેલા નાંદેડ ગુજરાતી મહીલા મંડળના આગેવાનો
૯. ગુજરાતી સમાજના ઉપાધ્યક્ષ ગુજરાતી શિક્ષણ સંસ્થાના અધ્યક્ષનું સન્માન કરી રહ્યા છે.
૧૦. લખમશીભાઈનું સન્માન કરી રહ્યા શિક્ષણ સંસ્થાનાં માજી ખજાનચી




































બાજુમાં સંબોધન કરી રહેલા (ડાબેથી) ચેતન ચવ્હાણ , પ્રવીણભાઈ પટેલ, એલ કે ગુરુજી, અતુલ લોટીયા

નીચે ગુજરાતી હાઈસ્કુલના પટાંગણમાં ઉપસ્થિત મહાનુભાવો અને માનવ મેદની







To,

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**